भारत 2023 INDIA

# જી-૨૦- બાળપોથી

## જી-૨૦ વિશ્વવિદ્યાલય જોડાણ માટે તૈયાર કરેલી પૃષ્ઠભૂમિ નોંધ



वसुधैव कुटुम्बकम् | ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

## સાભાર સ્વીકાર

'જી-૨૦- બાળપોથી'ને આરઆઇએસના મહાનિદેશક પ્રાધ્યાપક સચિન ચતુર્વેદીના સમગ્ર માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવી છે. આ દસ્તાવેજ માટે સાર્થક સામગ્રી નવી દિલ્હી સ્થિત TGII મીડિયા પ્રાઈવેટ લિમિટેડના શ્રી મનીષ ચંદ અને આરઆઇએસની ટીમ દ્વારા પૂરી પાડવામાં આવે છે. આ ટીમમાં સહાયક પ્રાધ્યાપક ડૉ. પ્રિયદર્શી દાસ; ફેલો ડૉ. દુર્ગેશ રાય; પરામર્શકાર ડૉ. રાહુલ રંજન; અને પરામર્શકાર ડૉ. સયંતન ઘોસાલનો સમાવેશ થાય છે.અમે, G20ના શેરપા શ્રી અમિતાભ કાંત; મુખ્ય સંયોજક (G20) શ્રી હર્ષ વર્ધન શ્રિંગલા; OSD (G20) શ્રી મુક્તેશ પરદેશી; અધિક સચિવ અને Sous-શેરપા (G20) શ્રી અભય ઠાકુર અને વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ (નીતિ આયોજન અને સંશોધન) ડૉ. સુમિત સેઠે આપેલા માર્ગદર્શન અને સમર્થન બદલ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ

અમે, જી-૨૦ના શેરપા શ્રી અમિતાભ કાંત; મુખ્ય સંયોજક (જી-૨૦) શ્રી હર્ષ વર્ધન શ્રિંગલા; ઓએસડી (જી-૨૦) શ્રી મુક્તેશ પરદેશી; અધિક સચિવ અને Sous-શેરપા (જી-૨૦) શ્રી અભય ઠાકુર અને વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ (નીતિ આયોજન અને સંશોધન) ડૉ. સુમિત સેઠે આપેલા માર્ગદર્શન અને સમર્થન બદલ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ

આ અહેવાલના નિર્માણ કાર્યનું સંચાલન આરઆઇએસ પ્રકાશન ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં પ્રકાશન અધિકારી શ્રી ટીશ મલ્હોત્રા અને પ્રકાશન સહાયક શ્રી સચિન સિંઘલનો સમાવેશ થાય છે.


કૉપિરાઇટ © આરઆઇએસ, ૨૦૨૨

૨૦૨૨માં આમના દ્વારા પ્રકાશિતઃ આરઆઇએસ

भारत 2023 INDIA

# ભારત@જી20
# આશા, સંવાદિતા અને શાંતિનું પ્રમુખપદ

આશા, સંવાદિતા, શાંતિ અને સ્થિરતા - આ એવા પરિભાષિત વિચારો છે જે વિશ્વની સૌથી અદ્યતન અને ઉભરતી અર્થવ્યવસ્થાઓના જી20 (G20) જૂથના ભારતના પ્રમુખપદને ઘડશે. ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. આજે ખંડિત વિશ્વમાં ભૌગોલિક અને રાજકીય તણાવના વધતા ધ્રુવીકરણનો પડકાર છે. આ સમયે ભારતનું જી૨૦ નેતૃત્વ વૈશ્વિક કાર્યસૂચિને આકાર આપીને શાંતિ, સ્થિરતા અને સહિયારી સમૃદ્ધિને આગળ વધારવા માટેની શ્રેષ્ઠ તક પૂરી પાડે છે.

## સમાવિષ્ટ અને ક્રિયા-લક્ષી

૧૬ નવેમ્બર ૨૦૨૨ ના રોજ ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડો દ્વારા ઇન્ડોનેશિયાના બાલી ટાપુના રિસોર્ટમાં જી20 ના શિખર સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રતીકાત્મક રીતે જી20 પ્રમુખપદની સોંપણી કરવામાં આવી હતી. ભારતે ૧ ડિસેમ્બર ૨૦૨૨ જી રોજ સત્તાવાર રીતે વર્ષ-લાંબા જી20 નું પ્રમુખપદ સંભાળ્યું હતું, જે 30 નવેમ્બર ૨૦૨૩ સુધી ચાલુ રહેશે. ભારતનું જી૨૦ નું નેતૃત્વ બાલી દ્વીપમાં સંભારતાં સમયે, વડાપ્રધાન મોદીએ વિશ્વને ખાતરી આપી હતી કે આ પ્રમુખપદનો સમય “સમાવેશક, મહત્વાકાંક્ષી, નિર્ણાયક અને ક્રિયા-લક્ષી” હશે. ભારતના પ્રમુખપદ ના મુખ્ય આધાર અને પ્રાથમિકતાઓની રૂપરેખા આપતા વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે જી20 એ શાંતિ અને સંવાદિતાની તરફેણમાં મજબૂત સંદેશ આપવાનો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે શાંતિ અને સલામતી વિના, “ભવિષ્યની પેઢીઓ આર્થિક વૃદ્ધિ અથવા તકનીકી નવીનતાનો લાભ લઈ શકશે નહીં.”

## જી20 લોગો: ખીલતી પાંખડી, સાત પાંખડીઓ

ભારતના જી20 અધ્યક્ષપદનો સાર "એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય" ના વૈચારિક અને ભવિષ્યવાદી સંદેશ માં અંકિત છે. તે પ્રાચીન સંસ્કૃતમાં નૈતિકતા ના સિદ્ધાંતોમાં "વસુદહૈવ કુટુંબકમ" તરીકે સ્ફટિકિત છે. મોર કમળ અને તેની સાત પાંખડીઓ ધરાવતો લોગો પૃથ્વી પર અને વિશાળ બ્રહ્માંડમાં તમામ જીવન - માનવ, પ્રાણી, છોડ અને સુક્ષ્મસજીવો - અને તેમના પરસ્પરના જોડાણની પુષ્ટિ કરે છે. વડાપ્રધાન મોદીએ ૮ નવેમ્બર ૨૦૨૨ રોજ લોગોના અનાવરણ સમયે કહ્યું કે: "જી20 લોગોમાં કમળનું પ્રતીક આ સમયમાં આશાનું પ્રતિનિધિત્વ કરે છે." "કમળ પરની સાત પાંખડીઓ વિશ્વના સાત ખંડો અને સંગીતની સાત નોંધોનું પ્રતિનિધિત્વ કરે છે. જી20 વિશ્વને સુમેળમાં લાવશે. આ લોગોમાં, કમળનું ફૂલ ભારતની પૌરાણિક વિરાસત, આપણી આસ્થા, આપણી બુદ્ધિમત્તાનું નિરૂપણ કરે છે", એમ વડાપ્રધાન મોદીએ લોગોના અનાવરણ દરમિયાન જણાવ્યું હતું.

ભારત માટે, જી૨૦નું પ્રમુખપદ "અમૃતકાલ" ની શરૂઆતને પણ ચિહ્નિત કરે છે: જે ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ ના રોજ ભારતની સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠથી શરૂ થઇને ૨૦૪૭ માં શતાબ્દી સુધીનો ૨૫ વર્ષનો સમયગાળો હશે. આ સમય માનવ-કેન્દ્રિત અભિગમ દ્વારા એક ભવિષ્યવાદી, સમૃદ્ધ, સર્વસમાવેશક અને વિકસિત સમાજ તરફ લઈ જશે.

## ભારતની મુખ્ય પ્રાથમિકતાઓ

ભારત તેના જી20 પ્રમુખપદને બદલાવ ના નિમિત્ત અને વૈશ્વિક પરિવર્તનના ઉત્પ્રેરક તરીકે જુએ છે. આ સમય વૈશ્વિક પરિપેક્ષ માં ખાદ્ય અને ઉર્જા સુરક્ષા જેવા બહુ-પરિમાણીય કટોકટીથી પ્રભાવિત છે. તે ભૌગોલિક-રાજનીતિક તણાવ દ્વારા વધુ સંકટમય બન્યુ છે. સંઘર્ષમાં ફસાઈયેલ વિશ્વમાં, સામાન્ય લોકોના જીવન જોખમમાં મુકાયેલ છે. ભારત તેના જી20 પ્રમુખપદનો ઉપયોગ વૈશ્વિક વિકાસને પુનર્જીવિત કરવા, જળવાયું પરિવર્તન અંગે આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર મજબૂત પગલાં ભરવા અને વૈશ્વિક આરોગ્ય માટે મજબૂત સંસ્થાગત ઢાંચો બનાવવા જેવા ઘણા પડકારોના રચનાત્મક અને સર્વસંમતિ-આધારિત ઉકેલો બનાવવા માટે કરશે. ખાદ્ય અને પોષણ સુરક્ષાને પ્રોત્સાહન આપવું એ એક મહત્વપૂર્ણ પ્રાથમિકતા હશે કારણ કે રોગચાળાએ લાખો લોકોને ગરીબીમાં ધકેલી દીધા છે. સતત વિકાસના માનક લક્ષ્યોનું (સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ) ઝડપી અમલીકરણ માટે ચાંપતી નજર અને LiFE (લાઇફ ફોર એન્વાયર્નમેન્ટ) દ્વારા પર્યાવરણ લક્ષી (ઇકો-ફ્રેન્ડલી) ટકાઉ જીવનશૈલી અપનાવવા માટે વિશ્વને અગ્રેસર કરવું એ આગામી થોડા મહિનામાં અન્ય મુખ્ય પ્રાથમિકતાઓ હશે. માહિતી ટેકનોલોજીમાં તેની મુખ્ય શક્તિ સાથે, ભારત ડિજિટલ આર્કિટેક્ચરને સમાવિષ્ટ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જેથી


કરીને તે સામાજિક-આર્થિક પરિવર્તનનું ઉત્પ્રેરક બની શકે. આ સંદર્ભમાં સર્વસમાવેશક વૃદ્ધિ અને નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવું એ મુખ્ય પ્રાથમિકતાઓ હશે.

આજના વિભાજિત વિશ્વમાં ધ્રુવીકરણ-યુક્ત સંઘર્ષો અને વૈશ્વિક સંસ્થાઓની ભૂમિકામાં ઘટાડા જોવા મળે છે. તેમ છતાં જી૨૦ વૈશ્વિક જીડીપીના ૮૫%, આંતરરાષ્ટ્રીય વેપારના ૭૫% અને વિશ્વની વસ્તીના ૨/3 ભાગનું પ્રતિનિધિત્વ કરે છે. તે પહેલા કરતા પણ હજુ વધુ મહત્વપૂર્ણ બનશે. ભારતના જી૨૦ પ્રમુખપદ હેઠળ, વર્તમાન વૈશ્વિક આર્થિક અને નાણાકીય મુદ્દાઓ પર સહકાર માટે જી૨૦ની અગ્રણી વૈશ્વિક મંચ તરીકે ની સ્થિતિ અને સત્તાને મજબૂત કરવાનો ભારત પ્રયાસ કરશે. જી૨૦ નો જન્મ પણ છેવટે તો ૨૦૦૮ ના નાણાકીય મંદીના કટોકટીના સમયે જ થયો હતો. જેણે વિશ્વને વિકસિત અને ઉભરતી અર્થવ્યવસ્થાઓનો સમાવેશ કરતું એક નવું પ્રતિનિધિત્વ ધરાવતું બહુપક્ષીય જૂથ સ્થાપવાની ફરજ પાડી હતી. આ સંદર્ભમાં, વડાપ્રધાન મોદીએ સ્વાભાવિક રૂપે રેખાંકિત કર્યું છે કે વિશ્વ "જી20 તરફ આશા" ની નજરે જોઈ રહ્યું છે.

## અતુલ્ય ભારત

ઉપરોક્ત સંદર્ભમાં ૨૦૨૩ નું જી20 પ્રમુખપદ ભારતને 'લોકશાહીની માતા' તરીકે તેના તમામ ગૌરવ અને વિવિધતામાં દર્શાવવાની તકરૂપ છે. ભારત ની આર્થિક પ્રગતિથી લઈને વિજ્ઞાન અને ટેકનોલોજી, અવકાશ, નવીનતા અને સ્ટાર્ટ-અપ્સ સુધીના લગભગ દરેક ક્ષેત્રમાં વિકાસની શ્રેષ્ઠતાની નવી ઊંચાઈઓ ના પરિપેક્ષમાં જી20 નું પ્રમુખપદ સુવર્ણ તક છે. આ વર્ષ દરમ્યાન ભારતમાં ૫૬ અલગ-અલગ સ્થળોએ ૨૦૦ ઉપરાંત જી20-સંબંધિત બેઠકોનું આયોજન કરાશે. જેમાં વિવિધ દેશોના પ્રતિનિધિઓને આ ગતિશીલ અને વૈવિધ્યસભર દેશની મુલાકાત લેવા માટે બોલાવશે. જી20 નિમિત્તે યોજાનાર ઘટનાઓ અને ચર્ચાઓ સભ્ય દેશો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ ના પ્રતિનિધિઓને અને અન્ય મુલાકાતીઓ માટે, ભારતનો પ્રથમ સ્વાદ અને અનુભવ હશે. તેથી બધા ભારતીયોએ વિશ્વને આવકારવા અને તેમને એક પરિવારના ભાગ તરીકે ગણવાની જરૂર છે. આ પ્રાઈમરમાં ભારતના જી20 પ્રમુખપદ હેઠળના મુખ્ય વિષયો અને પ્રક્રિયા અંગે ટૂંકી-લેખિત વર્ણનો સમાવેશ થાય છે. તે 20-દેશોની સંસ્થા તરીકે જી૨૦ ભારત ના નેતૃત્વ દરમિયાન ૧૨ મહિના વિદ્યાર્થીઓ અને સંશોધકોને મુખ્ય ઈંગિત ક્ષેત્રો અને આગામી સમયમાં શું હાંસલ કરવા માંગે છે તેની પ્રાથમિકતાઓથી પરિચિત કરવાનો પ્રયાસ કરે છે. અમે આશા રાખીએ છીએ કે જી૨૦, જે વધુ સમાવિષ્ટ અને સમાન વિશ્વનું નિર્માણ કરવા માંગે છે, તેમાં ૨૦૨૩ વર્ષનું ભારતનું નેતૃત્વ એક વૈશ્વિક પ્રભાવક તરીકે પોતાની ઓળખને મજબૂત કરશે તેમજ અદમ્ય છાપ છોડી શકશે.

# ઊર્જા સંક્રમણ:
# હરિયાળા વિશ્વનું નિર્માણ



નીચી કાર્બન વૃદ્ધિને વેગ આપવા માટે ઊર્જા સંક્રમણને પ્રોત્સાહન આપવું એ ભારતની હાલમાં ચાલી રહેલી નવીનીકરણીય ક્રાંતિની મુખ્ય પ્રાથમિકતા છે અને ભારતના જી-૨૦ના પ્રમુખપદની કાર્યસૂચિમાં તે મુખ્ય સ્થાન મેળવશે. ભારતે, નવા માપદંડો અને લક્ષ્યાંકો નક્કી કરીને પહેલાંથી જ જાહેર કર્યું છે કે તેની અડધી વીજળી નવીનીકરણીય એટલે કે અક્ષય ઊર્જાના સ્રોતોમાંથી ઉત્પન્ન કરવામાં આવશે. ભારત માને છે કે, સર્વસમાવેશી ઊર્જા સંક્રમણ માટે વિકાસશીલ દેશોને નિયત સમયમર્યાદામાં અને પરવડે તેવું ધિરાણ તેમજ તકનિકીનો ટકાઉક્ષમ પુરવઠો પહોંચાડવો જરૂરી છે. પ્રધાનમંત્રી મોદીએ નવેમ્બર 2021માં ગ્લાસગો ખાતે યોજાયેલી COP26 ગ્લોબલ ક્લાઇમેટ સમિટમાં સર્વસમાવેશી ઊર્જા સંક્રમણનું તેમનું રજૂ કર્યું હતું, જ્યાં તેમણે વિશ્વને "પંચામૃતઃ (પાંચ અમૃત)ની વિભાવનાનો પરિચય કરાવ્યો હતો. આ પાંચ-પાંખીય યોજનામાં નીચે મુજબના મુદ્દા શામેલ છેઃ

વડાપ્રધાન મોદીએ નવેમ્બર ૨૦૨૧માં ગ્લાસગો ખાતે યોજાયેલી સીઓપી૨૬ વૈશ્વિક આબોહવા શિખર મંત્રણામાં સર્વસમાવેશી ઊર્જા સંક્રમણનું તેમની દૂરંદેશી રજૂ કરી હતી, જ્યાં તેમણે વિશ્વને "પંચામૃતઃ (પાંચ અમૃત)ની વિભાવનાનો પરિચય કરાવ્યો હતો. આ પાંચ-પાંખીય યોજનામાં નીચે મુજબના મુદ્દા શામેલ છેઃ

- ૨030 સુધીમાં ભારત ૫00 ગીગીવૉટની તેની બિન-અશ્મિભૂત ઊર્જા ક્ષમતા સુધી પહોંચી જશે.
- ભારત ૨030 સુધીમાં તેની ૫0% ઊર્જાની જરૂરિયાતો નવીનીકરણીય ઊર્જામાંથી પૂરી કરશે.
- ભારત વર્તમાન સમયથી ૨030 સુધીમાં કુલ અંદાજિત કાર્બન ઉત્સર્જનમાં એક અબજ ટનનો ઘટાડો કરશે..
- 2030 સુધીમાં, ભારત તેની અર્થવ્યવસ્થાની કાર્બન તીવ્રતા ઘટાડીને 45% કરતાં પણ ઓછી કરશે.
- વર્ષ ૨0૭0 સુધીમાં ભારત તદ્દન શૂન્ય (નેટ ઝીરો)નું લક્ષ્ય હાંસલ કરી લેશે. આ "પંચામૃત" આબોહવા ક્રિયામાં ભારતનું યોગદાન અભૂતપૂર્વ હશે.

"પંચામૃત"ની આ વિભાવના ભારતને ૨૦૨૨-૨૦૨૩ માટે જી-૨૦ના તેના નેતૃત્વ હેઠળ ઊર્જા સુરક્ષા અને ઊર્જા સંક્રમણને પ્રોત્સાહન આપવાના તેના પ્રયાસોને સમર્થન આપશે. ભારતના મતાનુસાર, ઊર્જા સુરક્ષા વૈશ્વિક વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે કારણ કે તે વિશ્વની સૌથી ઝડપથી વિકસી રહેલી અર્થવ્યવસ્થા છે. આ કારણે જ ભારત ઊર્જા બજારમાં સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે ઊર્જાના પુરવઠા પર કોઈપણ પ્રકારના નિયંત્રણોનો વિરોધ કરે છે.

દેશમાં ઊર્જા સુધારણામાં નવીનીકરણીય ઊર્જાનો હિસ્સો વધારવા માટે સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી અનેક નવતર પહેલોના કારણે ભારત દ્વારા ઊર્જા સંક્રમણની હિમાયતનો વધુ પડઘો પડ્યો છે અને તેને વિશ્વસનીયતા પ્રાપ્ત થઈ છે. ભારતે વ્યાપારી અને ઔદ્યોગિક ગ્રાહકોને વીજળીના હરિત સ્રોતો તરફ સ્થાનાંતરિત થવાની મંજૂરી આપવા માટેના નિયમો હળવા કરીને તેના અશ્મિભૂત ઇંધણ-સંચાલિત અર્થતંત્રના વિકાર્બનીકરણ વેગ આપ્યો છે. ભારત, 30% વૈશ્વિક ઉત્સર્જન માટે જવાબદાર ભારે ઉદ્યોગ અને લાંબા-અંતરના પરિવહન ક્ષેત્રોને વિકાર્બનિક કરવાનો ઉદ્દેશ ધરાવતી વૈશ્વિક પહેલ ફર્સ્ટ મૂવર્સ ગઠબંધનમાં જોડાયું છે.

ભારતે ફ્રાન્સ સાથે મળીને આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન (ISA)નો આરંભ કર્યો છે અને તે 'એક સૂર્ય, એક વિશ્વ, એક ગ્રીડ'ની દિશામાં કામ કરી રહ્યું છે. સૌર ઊર્જાના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માંગતા હોય તેવા ૧૦૦થી વધુ દેશો ISA જોડાણમાં જોડાયા હોવાથી તે એક વૈશ્વિક સૌર ચળવળ બની ગયું છે.

ઊર્જા સંક્રમણને આગળ વધારવા માટે, ભારત સ્વચ્છ, ટકાઉક્ષમ અને પરવડે તેવા ઊર્જા સંક્રમણને વેગ આપવા અને તે સુનિશ્ચિત કરવા માટે ઊર્જા પ્રણાલીઓના પરિવર્તન અને વૈવિધ્યકરણને ટેકો આપે છે. આ સંદર્ભમાં, ભારત ખાસ કરીને સૌથી વધુ સંવેદનશીલ દેશો સહિત વિકાસશીલ દેશો માટે, સસ્તી, વિશ્વસનીય, ટકાઉક્ષમ અને આધુનિક ઊર્જાની સુલભતા પૂરી પાડવા, ક્ષમતા, જાહેર ક્ષેત્રમાં પરવડે તેવી અદ્યતન તકનિક, પારસ્પરિક રીતે લાભદાયી તકનિકી સહકાર અને ઊર્જા ક્ષેત્રમાં ધિરાણ સંબંધિત જોખમોને ઘટાડવાની ક્રિયાઓને એકધારું સમર્થન આપવાની હિમાયત કરે છે.

ભારત ભવિષ્ય પર ધ્યાન આપીને, સૌર ઊર્જાના ઉત્પાદનમાં વધારો કરવા અને તેને ઉદ્યોગો તેમજ ઊર્જાના ઉપભોક્તાઓ દ્વારા વ્યાપક ઉપયોગ માટે વધુ પરવડે તેવી બનાવવા માટે ISAનો લાભ લેશે. ભારત હરિત વૃદ્ધિ અને નવીનીકરણીય ઊર્જા તરફના ઊર્જા સંક્રમણના સંદર્ભમાં સૌર ઊર્જાના ઉપયોગને વધારવા પર ભાર મૂકશે. ભારતની દૃષ્ટિએ, સૌર ઊર્જા એ ભવિષ્યની નવીનીકરણીય ઊર્જા છે જે અશ્મિભૂત ઇંધણ પરની નિર્ભરતામાં નોંધપાત્ર રીતે ઘટાડો કરવામાં મદદ કરશે. ભારત જી-૨૦ના પ્રમુખપદ હેઠળ, તકનિક હસ્તાંતરણ અને જ્ઞાન હસ્તાંતરણની મદદથી હાલમાં ચાલી રહેલા ઊર્જા સંક્રમણને પ્રોત્સાહન આપશે. સૌર અને નવીનીકરણીય તકનિકમાં આવિષ્કારને પ્રોત્સાહન આપવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવો એ આવનારા દિવસોમાં ભારતની મહત્વની પ્રાથમિકતા હશે.

# LiFE મેળવો: પર્યાવરણલક્ષી જીવનશૈલીને પ્રોત્સાહન

ગ્લોબલ વોર્મિંગે સમગ્ર વિશ્વમાં તેનો વિનાશ વેર્યો હોવાથી આબોહવા ખરેખરમાં બદલાઈ ગઈ છે. નદીઓ સુકાઈ રહી છે, હિમશિલાઓ પીગળી રહી છે અને વિશ્વના ઘણા પ્રદેશો વિક્રમજનક તાપમાનનો અનુભવ કરી રહ્યા છે, જેના કારણે ચારેબાજુ ઘણી તકલીફો ફેલાઈ છે. આબોહવાના કારણે બનતી પૂર, દુષ્કાળ અને વાવાઝોડા જેવી વિચિત્ર ઘટનાઓ આપણા અસ્તિત્વને જોખમમાં મૂકે છે. ભયાવહ આબોહવા કટોકટીની આ પૃષ્ઠભૂમિ સામે, ભારત LiFE - પર્યાવરણ માટે જીવનશૈલી તરીકે ઓળખાતી ઘરેલુ સ્તરે તૈયાર કરવામાં આવેલી પહેલ સાથે આગળ આવ્યું છે અને તેને જી-૨૦ સહિત વૈશ્વિક કાર્યસૂચિમાં સ્થાન આપ્યું છે. ૧ નવેમ્બર ૨૦૨૧ના રોજ ગ્લાસગોમાં યોજાયેલી વાર્ષિક વૈશ્વિક આબોહવા શિખર મંત્રણા, સીઓપી૨૬માં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ વિભાવના રજૂ કરવામાં આવી હતી. વડાપ્રધાન મોદીએ તેમના સંબોધનમાં, પર્યાવરણનું રક્ષણ અને જતન કરવા માટે LiFEને “બેફામ અને વિનાશક ઉપયોગના બદલે સચેત અને ઇરાદાપૂર્ણ ઉપયોગ”ની દિશામાં આંતરરાષ્ટ્રીય સામૂહિક ઝુંબેશ તરીકે ચલાવવા માટે આંતરરાષ્ટ્રીય સમુદાયને અનુરોધ કર્યો હતો.


LiFE કોઇપણ વ્યક્તિને “ગ્રહની જીવનશૈલી, ગ્રહ માટે અને ગ્રહ દ્વારા”નું પાલન કરીને આબોહવા પરિવર્તન સામેની કામગીરીમાં કેન્દ્ર સ્થાને મૂકે છે. મેક્રો નીતિની જટિલ ચર્ચાઓ અને સરકારો તેમજ આંતરરાષ્ટ્રીય એજન્સીઓની ભૂમિકાથી આગળ વધીને, LiFE ગ્રીનહાઉસ વાયુના ઉત્સર્જનને રોકવા માટે જીવનશૈલીમાં કચેરી અથવા વ્યાયામશાળામાં જવા માટે સાયકલનો ઉપયોગ કરવા જેવા સરળ ફેરફારને પ્રોત્સાહિત કરે છે. વ્યકિતગત અને સામુદાયિક વર્તણૂકમાં ઊંડું મક્કમતાપૂર્વકનું પરિવર્તન લાવવાથી જ પર્યાવરણીય અને આબોહવાની કટોકટીમાં તફાવત આવી શકે છે તેવી માન્યતાના આધારે LiFEની પરિકલ્પના કરવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP) મુજબ, જો દુનિયાની આઠ અબજની વસ્તીમાંથી એક અબજ લોકો તેમના રોજિંદા જીવનમાં પર્યાવરણને અનુકૂળ વર્તણૂક અપનાવે તો વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં આશરે ૨૦%નો ઘટાડો થઈ શકે છે. આ નવી યોજનામાં, જેઓ આવી જીવનશૈલીને જેઓ આચરણમાં મૂકે છે તેમને LiFE હેઠળ ગ્રહ તરફી લોકો (પ્રો પ્લેનેટ પીપલ) તરીકે ઓળખવામાં આવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટકાઉક્ષમ જીવન-શૈલીને પ્રોત્સાહન આપવાના તેમના મિશનમાં નવચેતનાનો પ્રાણ ફુંકીને, વિરાટ સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ઓળખાતા ગુજરાતના મનોરમ્ય નગર કેવડિયા ખાતે યુએનના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસની હાજરીમાં, ‘મિશન LiFE’નો પ્રારંભ કર્યો હતો. વડાપ્રધાન મોદીના જણાવ્યા મુજબ, મિશન LiFE, દરેક વ્યક્તિની પોતાની ક્ષમતા પ્રમાણે યોગદાન આપીને આબોહવા પરિવર્તન સામેની લડાઈને લોકતાંત્રિક બનાવે છે. ‘મિશન LiFE’ લોકો અનુકૂળ ગ્રહની વિભાવનાને મજબૂત બનાવશે એ વાતને રેખાંકિત કરતાં, વડાપ્રધાન મોદીએ આશા વ્યક્ત કરી હતી કે, આનાથી P3 મોડેલ એટલે કે ગ્રહ તરફી લોકો (પ્રો-પ્લેનેટ પીપલ)ની ભાવના મજબૂત બનશે." રીયૂઝ, રીડ્યૂસ અને રિસાયક્લિંગ એટલે કે પુનઃઉપયોગ, ઘટાડો અને પુનર્ચક્રણ કે જે ભારતની પરંપરાઓ અને સંસ્કૃતિનો અભિન્ન ભાગ છે, તે મિશન LiFEનો પણ એક ભાગ છે કારણ કે તે લોકોને ટકાઉક્ષમ પસંદગીઓ કરવા માટે પ્રોત્સાહન આપે છે.

LiFE ક્રિયા યોજનામાં લોકોને તેમના રોજિંદા જીવનમાં સરળ છતાં અસરકારક પર્યાવરણ માટે મૈત્રીપૂર્ણ પગલાંઓને આચરણમાં મૂકવા (માંગ), બદલાતી માંગને ઝડપથી પ્રતિસાદ આપવા માટે ઉદ્યોગો અને બજારોને સક્ષમ બનાવવા (પુરવઠો) અને ટકાઉક્ષમ વપરાશ અને ઉત્પાદનને સમર્થન આપવા માટે સરકાર અને ઔદ્યોગિક નીતિઓમાં પ્રભાવ પાડવા (નીતિ) માટે આગળ ધપાવવાનું સામેલ છે.

વૈશ્વિક સુખાકારી માટે LiFEની પરિવર્તનકારી સંભાવનાને ધ્યાનમાં રાખતા, ભારતે જી-૨૦ કાર્યસૂચિમાં ટકાઉક્ષમ જીવનશૈલીને સ્થાન આપ્યું છે. જી-૨૦ વૈશ્વિક જીડીપીના ૮૦% માટે તેમજ સમગ્ર દુનિયામાં ૮૦% ગ્રીનહાઉસ વાયુના ઉત્સર્જન માટે જવાબદાર છે. ભારતની દૃષ્ટિએ, આથી LIFEને હરિત જીવનશૈલી માટે વૈશ્વિક ચળવળ બનાવવા માટે જી-૨૦ સજ્જ છે. મિશન LiFE વિશ્વને આબોહવા પરિવર્તન સામેની તેની લડાઈમાં મદદ કરશે અને યુએન દ્વારા નિર્ધારિત સતત વિકાસના માનક લક્ષ્યો (સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ)ને હાંસલ કરવા માટે ટકાઉક્ષમ જીવનશૈલી તરફ દોરી જશે. આ સંદર્ભમાં, વડાપ્રધાન મોદીએ ૧૫ નવેમ્બર ૨૦૨૨ના રોજ બાલીમાં યોજાયેલી જી-૨૦ શિખર મંત્રણામાં તેમની ટિપ્પણીમાં LiFEના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું હતું કે, “ગ્રહના સુરક્ષિત ભવિષ્ય માટે, ન્યાસધારિતા (ટ્રસ્ટીશિપ)ની ભાવના એ ઉકેલ છે. LiFE ઝુંબેશ આમાં મોટું યોગદાન આપી શકે છે. તેનો હેતુ ટકાઉક્ષમ જીવનશૈલીને જન ચળવળ બનાવવાનો છે.” આબોહવા પરિવર્તન અંગેની વૈશ્વિક ચર્ચામાં પરિવર્તન લાવવા ભારતના પ્રયાસોને સ્વીકૃતિ આપવામાં આવે તે માટે, જી-૨૦ બાલી નેતાઓની ઘોષણામાં ટકાઉક્ષમ વિકાસ અને જીવનશૈલી, સંસાધન કાર્યક્ષમતા અને વલાયકાર અર્થતંત્રની વિભાવનાને સમર્થન આપવામાં આવ્યું છે.

LiFEને આંતરરાષ્ટ્રીય સમુદાય તેમજ ભારતમાં સ્વસ્થ હરિત જીવનશૈલીની ઈચ્છા ધરાવતા લોકોનું સમર્થન મળી રહ્યું હોવાથી ભારતના જી-20ના પ્રમુખપદ હેઠળ, તેને વધારાની ગતિ પ્રાપ્ત થશે. આવનારા મહિનાઓમાં, LiFE આબોહવા પરિવર્તન સામે લડવા માટે વૈશ્વિક મંત્ર બનવા માટે તૈયાર છે. મિશન LiFEને વિશ્વના નેતાઓ તરફથી ઉત્સાહપૂર્ણ પ્રતિસાદ મળ્યો છે, જેમણે હરિત પરિવર્તનને આગળ ધપાવવા માટે “વસુધૈવ કુટુંબકમ”ના આધ્યાત્મિક આદર્શને સાંકળી લેવાની ભારતે કરેલી પહેલની પ્રશંસા કરી છે.. ભારતના જી-૨૦ના પ્રમુખપદનું સૂત્ર - “એક પૃથ્વી, એક ગ્રહ, એક ભવિષ્ય” - જીવન-તરફી ગ્રહ અને લોકોનો મૂળ સાર સમાવે છે. મિશન LiFE એ ગ્રહને બચાવવા માટે પગલાં લેવા અંગે નાગરિકો અને સરકારો માટે કરાયેલું આહ્વાન છે.




# વિભાજનોને જોડતો સેતુ: ડિજિટલ સાર્વજનિક ચીજો

ગરીબી સામે અને આબોહવા પરિવર્તન સામેની લડાઈમાં પણ ડિજિટલ તકનિકોનો ઉપયોગ થઈ શકે છે. આ પૃષ્ઠભૂમિ સામે, ભારત ૨૦૧૪માં લગભગ ૫૦% લોકોની સરખામણીમાં હવે ૮૦% ભારતીયો પાસે બેંક ખાતા છે તેની ડિજિટલ પરિવર્તનની ગાથા દર્શાવીને અગ્રેસર રહી શકે છે - અને આ ક્ષેત્રમાં વિકસિત તેમજ વિકાસશીલ વિશ્વ સાથે તેની નિપુણતા શેર કરી શકે છે.ભારત ડિજિટલ આર્કિટેક્ચરને સૌના માટે સહિયારું બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેથી તે સામાજિક-આર્થિક પરિવર્તનનું ઉત્પ્રેરક બની શકે. શાસનમાં પારદર્શિતાને પ્રોત્સાહન આપવા સહિત નિર્ણાયક ક્ષેત્રોમાં વ્યાપકતા અને ઝડપ હાંસલ કરવા માટે ડિજિટલ પરિવર્તન મુખ્ય પરિબળ છે. ભારતે વિકસાવેલું ડિજિટલ સાર્વજનિક ચીજોનું આર્કિટેક્ચર આંતરિક

લોકશાહી સિદ્ધાંતો સાથે જોડાયેલું છે. આ ઉકેલો ઓપન સોર્સ, ઓપન API, ઓપન સ્ટાન્ડર્ડ્સ પર આધારિત છે, જે ઇન્ટરઓપરેબલ અને સાર્વજનિક છે.

ભારત ડિજિટલ આર્કિટેક્ચરને સૌના માટે સહિયારું બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેથી તે સામાજિક-આર્થિક પરિવર્તનનું ઉત્પ્રેરક બની શકે. શાસનમાં પારદર્શિતાને પ્રોત્સાહન આપવા સહિત નિર્ણાયક ક્ષેત્રોમાં વ્યાપકતા અને ઝડપ હાંસલ કરવા માટે ડિજિટલ પરિવર્તન મુખ્ય પરિબળ છે. ભારતે વિકસાવેલું ડિજિટલ સાર્વજનિક ચીજોનું આર્કિટેક્ચર આંતરિક લોકશાહી સિદ્ધાંતો સાથે જોડાયેલું છે. આ ઉકેલો ખુલ્લા સ્રોત (ઓપન સોર્સ), ખુલ્લા API (ઓપન API), ખુલ્લા ધોરણો પર આધારિત છે, જે આતંર-પરિચાલનીય અને સાર્વજનિક છે. ભારત દ્વારા કરવામાં આવેલી પહેલ યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI), ડિજિટલ સાર્વજનિક ચીજોને ઉત્તમ ઉદાહરણ છે. ગયા વર્ષે, વિશ્વમાં વાસ્તવિક સમયમાં થયેલા ચુકવણીના ૪૦%થી વ્યવહારો UPI દ્વારા કરવામાં આવ્યા હતા. એવી જ રીતે, ડિજિટલ ઓળખના આધારે ૪૬૦ મિલિયન નવા બેંક ખાતાઓ ખોલવામાં આવ્યા હતા, જે આજે ભારતને નાણાકીય સમાવેશમાં વૈશ્વિક અગ્રણી બનાવે છે. ભારતના ખુલ્લા સ્રોત (ઓપન સોર્સ) CoWIN મંચને માનવ ઇતિહાસના સૌથી મોટા રસીકરણ અભિયાન તરીકે વ્યાપકપણે જોવામાં આવે છે."આધાર, દીક્ષા (DIKSHA), સ્વયં (SWAyAM) એ જાહેર ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કેટલાક મુખ્ય ઘટકો છે જેને ભારતે વર્ષોના સમયગાળામાં બનાવ્યા છે. ભારતે ULIP (યુનિફાઇડ લોજિસ્ટિક્સ ઇન્ટરફેસ પ્લેટફોર્મ)ને આગળ વધારવાનું છે અને તે ONDC (ડિજિટલ કોમર્સ માટે ઓપન નેટવર્ક) બનાવવાની પ્રક્રિયામાં છે.

"આધાર, દીક્ષા (DIKSHA), સ્વયં (SWAyAM) એ જાહેર ડિજિટલ માળખાકીય સુવિધાના કેટલાક મુખ્ય ઘટકો છે જેને ભારતે વર્ષોના સમયગાળામાં બનાવ્યા છે. ભારતે ULIP (એકીકૃત લોજિસ્ટિક્સ ઇન્ટરફેસ મંચ)ને આગળ વધારવાનું છે અને તે ONDC (ડિજિટલ વાણિજ્ય માટે ખુલ્લો સ્રોત) બનાવવાની પ્રક્રિયામાં છે."વિકાસ માટે ડેટા"નો સિદ્ધાંત આપણી અધ્યક્ષતાની એકંદર થીમ "એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય"નો અભિન્ન ભાગ રહેશે.

પરંતુ ભારત જ્યારે ડિજિટલ સુલભતાને સાર્વજનિક બનાવી રહ્યું છે, ત્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે મોટા પાયે ડિજિટલ વિભાજન છે. દુનિયાના મોટાભાગના વિકાસશીલ દેશોના નાગરિકો પાસે કોઈપણ પ્રકારની ડિજિટલ ઓળખ નથી. માત્ર ૫૦ દેશોમાં જ ડિજિટલ ચુકવણી પ્રણાલી છે. આ સંદર્ભમાં, ભારત દરેક માનવીના જીવનમાં ડિજિટલ પરિવર્તન લાવવા પર ભાર મૂકશે, જેથી દુનિયાની કોઈપણ વ્યક્તિ ડિજિટલ તકનિકના લાભોથી વંચિત ન રહે. બાલીમાં જી-૨૦ શિખર સંમેલનમાં વડાપ્રધાન મોદીએ પોતાની ટિપ્પણીમાં વિશ્વને કહ્યું હતું કે, ભારત પોતાના જી-૨૦ના પ્રમુખપદ દરમિયાન, આ ઉદ્દેશ્ય સિદ્ધ કરવાની દિશામાં જી-૨૦ ભાગીદારો સાથે સંયુક્ત રીતે કામ કરશે.

"વિકાસ માટે ડેટા"નો સિદ્ધાંત આપણા પ્રમુખપદનો એકંદર વિષય "એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય"નો અભિન્ન ભાગ રહેશે.

ભારત ડિજિટલ પરિવર્તનને ગરીબી, શિક્ષણ, આરોગ્ય અને પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ પર સતત વિકાસના માનક લક્ષ્યો સુધી પહોંચવાની ચાવી તરીકે જુએ છે. ડિજિટલ પરિવર્તનના લાભો માનવજાતના એક નાના હિસ્સા સુધી સીમિત ન હોવા જોઈએ તે સુનિશ્ચિત કરવા માટે પણ ભારત અન્ય જી-૨૦ દેશો સાથે કામ કરશે.

આગળ વધીએ તો, ડિજિટલ થવું અને હરિત આચરણનો અમલ કરવો એ મોટી તકો છે. ભારતના જી-૨૦ શેરપા શ્રી અમિતાભ કાંતે જણાવ્યું હતું કે, "૪૦૦ મિલિયન લોકો છે કે જેમની પાસે ડિજિટલ ઓળખ નથી; ૨૦૦ મિલિયન લોકો પાસે બેંક ખાતું નથી; લગભગ ૧૩૩ દેશોમાં ઝડપી ચૂકવણીની વ્યવસ્થા પણ નથી. તેથી, વિશ્વમાં પરિવર્તન લાવવા માટેની આ એક વિરાટ તક છે".



# આબોહવાલક્ષી નાણાં: હરિત વિકાસ માટે ભંડોળ

આબોહવાલક્ષી નાણાં એ હરિત સંક્રમણ અને હરિત વિકાસને વેગ આપવાની મુખ્ય ચાવી છે. ગ્લોબલ વોર્મિંગના નુકસાનદાયક પરિણામો વિશે દુનિયા વધુને વધુ સભાન બની રહી છે, ત્યારે વિકસિત દેશોમાંથી વિકાસશીલ દેશોને નિયત સમયમાં તાત્કાલિક ધોરણે આબોહવાલક્ષી નાણાં પ્રદાન કરવામાં આવે એ તાકીદની જરૂરિયાત છે. ભારતે આંતરરાષ્ટ્રીય મંચ પર આબોહવાલક્ષી નાણાં અંગે રજૂઆતો કરી છે કારણ કે તે ગ્રીનહાઉસ વાયુના ઉત્સર્જન માટે વિકસિત દેશોને ઐતિહાસિક રીતે જવાબદાર માને છે. આ તર્કના આધારે, ભારતે અન્ય વિકાસશીલ દેશો સાથે મળીને જી-૨૦ ખાતે હરિત સંક્રમણ માટે ઝડપી ગતિએ આબોહવાલક્ષી નાણાંનો એક અનિવાર્ય મુદ્દો બનાવ્યો છે. ૨૦૦૯માં કોપનહેગનમાં વિશ્વ આબોહવા શિખર મંત્રણા સીઓપી૧૫માં, વિકસિત દેશોએ આબોહવા પરિવર્તનની અસરોને પહોંચી વળવા માટે વિકાસશીલ દેશોને મદદ કરવા માટે ૨૦૨૦ સુધીમાં દર વર્ષે સંયુક્ત રીતે US$૧૦૦ બિલિયન એકઠા કરી આપવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. પરંતુ ૧૪ વર્ષથી વધુ સમય વીતી ગયા પછી પણ આ લક્ષ્ય માત્ર આંશિક રીતે પ્રાપ્ત થયું છે.

આ પૃષ્ઠભૂમિમાં, ઝડપી ગતિએ આબોહવાલક્ષી નાણાં પ્રદાન કરવા અને આબોહવાલક્ષી નાણાંની મહત્વાકાંક્ષા વધારવી એ ભારતના જી-20ના પ્રમુખપદ માટે ઉચ્ચ પ્રાથમિકતા હશે. ભારતની દૃષ્ટિએ, વિકાસશીલ દેશો તેમના મહત્વાકાંક્ષી લક્ષ્યને પ્રાપ્ત કરી શકે તે માટે દર વર્ષે US$૧00 બિલિયનની શરૂઆત સાથે તેમને આપવામાં આવતા આબોહવા સંબંધિત નાણાંમાં નોંધપાત્ર વૃદ્ધિ કરવાની જરૂર છે અને સમૃદ્ધ દેશોએ સંસાધનોના એકત્રીકરણનું નેતૃત્વ કરવાની જરૂર છે.

આ સંદર્ભમાં, નવેમ્બર ૨૦૨૨માં બાલીમાં જી-૨૦ શિખર મંત્રણામાં વિકાસશીલ દેશોને ક્લાઇમેન્ટ ઝડપથી પૂરું પાડવા માટે સંમતિ સાધવામાં આવી હતી અને વિકાસશીલ દેશોને સહકાર આપવા માટે દર વર્ષે US$૧00 બિલિયનના આબોહવાલક્ષી નાણાંના મહત્વાકાંક્ષી નવા સામુહિક માત્રાત્મક લક્ષ્ય (NCQG) પર કામ કરવા માટે સંમતિ સાધવામાં આવી હતી.

ભારત તેના પ્રમુખપદ હેઠળ, વિકસિત દેશોને આબોહવાલક્ષી નાણાં માટેની મર્યાદા US$૧00 બિલિયન પ્રતિ વર્ષ કરતાં વધારવા માટે સમજાવશે. ભારત નવીનીકરણીય ઊર્જા સહિત શૂન્ય અને ઓછા ઉત્સર્જનના વીજ ઉત્પાદનની નિયુક્તિ વધારવા માટે પણ જી-૨૦ દેશો સાથે કામ કરશે. ભારતમાં યોજનારી જી-૨૦ શિખર મંત્રણામાં તાપમાનમાં વૃદ્ધિને ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી સિમિત કરવાના લક્ષ્યને વધુ મજબૂત કરવામાં આવશે તેવી અપેક્ષા છે.

ભારત અને અન્ય વિકાસશીલ દેશોની જીતમાં, બાલી ઘોષણાએ વિકસિત દેશોને અનુરોધ કર્યો હતો કે, શમન અને અનુકૂલન વચ્ચે સંતુલન પ્રાપ્ત કરવાના સંદર્ભમાં, વિકાસશીલ દેશોને અનુકૂલન માટે આબોહવાલક્ષી નાણાંની તેમની સંયુક્ત જોગવાઇ ૨૦૧૯ના સ્તરથી વધારીને, ૨૦૨૫ સુધીમાં ઓછામાં ઓછી બમણી કરવામાં આવે. ભારત, આબોહવાલક્ષી નાણાં, તકનિક હસ્તાંરણ અને આબોહવા પરિવર્તન સામે લડવા માટે ગરીબ અને વિકાસશીલ દેશોની ક્ષમતાને મજબૂત કરવાના સંદર્ભમાં સમૃદ્ધ દેશો પાસેથી નક્કર પગલાંની અપેક્ષા રાખે છે.

આબોહવા સંકટની તીવ્ર વ્યાપકતાને ધ્યાનમાં રાખતા, આ દિશામાં લેવાના પગલાંમાં હવે વધુ વિલંબ કરી શકાય તેમ નથી. આ સંદર્ભમાં, વિકસિત દેશોને આબોહવાલક્ષી નાણાં પર વાતચીત કરવા માટે સમજાવવાની મુખ્ય જવાબદારી જી-૨૦ પર છે. ભારત પોતાના પ્રમુખપદ હેઠળ, આબોહવા પરિવર્તનને ઘટાડવા માટે વિકસિત દેશો પાસેથી નાણાકીય, તકનિકી અને ક્ષમતા-નિર્માણ સહાય પૂરી પાડવા માટે વિકસિત દેશો પર દબાણ કરશે. ભારતની દૃષ્ટિએ, વિકસિત દેશોએ, ગ્રીનહાઉસ વાયુના ઉત્સર્જનની તેમની ઐતિહાસિક જવાબદારીને ધ્યાનમાં રાખીને, આબોહવા પરિવર્તન સામે લડવા માટે સંસાધનોના એકત્રીકરણનું નેતૃત્વ કરવું જોઈએ. અનુકૂલન અને શમન પરિયોજનાઓ વચ્ચે ભંડોળની સમાન ફાળવણી હોવી જોઈએ.

# ખાદ્ય સુરક્ષા માટે, બાજરી લોકપ્રિય બનાવવા માટે જી-૨૦ સહયોગ વધારવો

કોવિડ-૧૯ રોગચાળાને પગલે અને રશિયા-યુક્રેન કટોકટી બાદ પુરવઠા શૃંખલામાં આવેલા વિક્ષેપોને પગલે, ખાદ્ય અસુરક્ષા એક મોટી વૈશ્વિક ચિંતા બની ગઈ છે અને ભારતના જી-20ના પ્રમુખપદની કાર્યસૂચિમાં આ મુદ્દો મુખ્ય સ્થાને રહેશે. ખાદ્ય કટોકટી વિકાસશીલ અને વિકસિત બંને દેશોને અસર કરતી હોવાથી, ભારત વૈશ્વિક ખાદ્ય સુરક્ષાને મજબૂત કરવા માટે ઉત્તર-દક્ષિણ વિભાજનમાં આંતરરાષ્ટ્રીય સહયોગ અને સહાયતા વધારવા માટે તેના જી-૨૦ના પ્રમુખપદનો ઉપયોગ કરશે. આ સંદર્ભમાં, ભારત તેના ૧.૩ અબજ નાગરિકોની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મજબૂત પ્રમાણપત્રો ધરાવતું હોવાની સાથે જ, તે ઘણા વિકાસશીલ દેશોના ખાદ્ય પ્રદાતા તરીકે પણ ઉભરી આવ્યું છે. દક્ષિણ-દક્ષિણ સહયોગની ભાવનામાં, ભારતે અફઘાનિસ્તાનને ૫૦,૦૦૦ મેટ્રિક ટન ઘઉં અને દવાઓ તેમજ રસીના અનેક જથ્થા મોકલ્યા હતા, શ્રીલંકાને ઇંધણ, આવશ્યક ચીજવસ્તુઓ અને વેપાર સમાધાન માટે ૩.૮ બિલિયનનું ધિરાણ આપ્યું હતું અને મ્યાનમાર ૧૦,૦૦૦ મેટ્રિક ટનની ખાદ્ય સહાય પહોંચાડી હતી તેમજ મ્યાનમાર અને અન્ય દેશોને રસીનો જથ્થો પહોંચાડ્યો હતો.



રોગચાળા અને રશિયા-યુક્રેન કટોકટીના બેવડા મારને કારણે વૈશ્વિક પુરવઠા શૃંખલાના પતનને ધ્યાનમાં રાખીને, ભારત, તેના જી-૨૦ પ્રમુખપદ હેઠળ, ખાતર અને ખાદ્ય અનાજ બંનેની પુરવઠા શૃંખલા સ્થિર અને ખાતરીપૂર્ણ રીતે જાળવવા માટે આંતરરાષ્ટ્રીય સમુદાયને એકત્ર કરશે. ભારત ખાસ કરીને, ખાતરનો પુરવઠો અવિરત જળવાઇ રહે તેને પ્રાથમિકતા આપશે. વડાપ્રધાન મોદીએ ૧૫-૧૬ નવેમ્બર ૨૦૨૨ના રોજ બાલીમાં યોજાયેલી જી-૨૦ શિખર મંત્રણામાં કહ્યું હતું કે, "આજની ખાતરની અછત આવતીકાલનું ખાદ્ય સંકટ છે જેનો વિશ્વ પાસે કોઈ ઉકેલ નથી.

વૈશ્વિક ખાદ્ય કટોકટીને હળવી કરવા માટે, ભારતે વિશ્વના બજારોમાં રશિયન ખાદ્ય ઉત્પાદનો અને ખાતરોના પુરવઠા માટે બ્લેક સી ગ્રેઇન પહેલને સમર્થન આપ્યું છે. આ પહેલ તણાવને હળવો કરવા અને વિકાસશીલ દેશોમાં વૈશ્વિક ખાદ્ય અસુરક્ષા અને ભૂખને રોકવા માટે યુક્રેન અને રશિયન સંઘ તરફથી અનાજ, ખાદ્યપદાર્થો અને ખાતર/નિવિષ્ટ સામગ્રીનું અવિરત વિતરણ સુનિશ્ચિત કરશે. ભારત આ સંદર્ભમાં, ખોરાક અને ખાતરો પર નિકાસ પ્રતિબંધો અથવા નિયંત્રણો લાદવાની વિરુદ્ધ છે.

ભારત તેના જી-૨૦ પ્રમુખપદ હેઠળ, પડકારજનક સંજોગોમાં ખાદ્ય પુરવઠાની શૃંખલાઓને કાર્યરત રાખવા માટે આંતરરાષ્ટ્રીય પ્રયાસો એકત્ર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. ભારતે ખાસ કરીને ગ્લોબલ સાઉથના દેશોમાં જરૂરિયાતમંદ તમામ લોકો માટે ખોરાક અને ખાદ્ય ઉત્પાદનોની સુલભતા, પોષણક્ષમતા અને ટકાઉપણું સુનિશ્ચિત કરીને ખાદ્ય અસુરક્ષાનો ઉકેલ લાવવા માટે અવિશ્વસનીય પ્રતિબદ્ધતા દર્શાવી છે.

ભારત માટે, ખાદ્ય અને પોષણ સુરક્ષામાં સુધારો કરવા માટે કૃષિ, ખાદ્ય તકનિક અને જૈવ-તકનિકમાં વધુ તાલમેલ બનાવવા માટે આવિષ્કારને પ્રોત્સાહન આપવાની મુખ્ય પ્રાથમિકતા રહેશે.

આગળ જોઈએ તો, ભારત ટકાઉક્ષમ ખાદ્ય સુરક્ષા અને કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. ખાદ્ય સુરક્ષાના ક્ષેત્રમાં ભારતના આંતરરાષ્ટ્રીય સહયોગની મુખ્ય બાબત આબોહવા સામે સ્થિતિસ્થાપક અને સ્માર્ટ કૃષિ હશે. ભારત તેના પ્રમુખપદ હેઠળ, બાજરી જેવા પૌષ્ટિક અને પરંપરાગત ખાદ્યાન્નને પણ ફરીથી લોકપ્રિય બનાવશે. આ સંદર્ભમાં, ભારત તેના પ્રમુખપદ હેઠળ આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષને ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવા માટે ઘણા કાર્યક્રમોનું આયોજન કરશે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના સતત વિકાસના માનક લક્ષ્યોમાંથી એક ખાદ્ય સુરક્ષા પણ હોવાથી, વિશ્વ ખાદ્ય કાર્યક્રમને જી-૨૦ દેશોનું સમર્થન નિર્ણાયક બની રહેશે. ભારતે સૌના માટે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે "એક રાષ્ટ્ર એક રેશન કાર્ડ યોજના" નામથી એક લોક-કેન્દ્રિત પહેલ શરૂ કરી છે.

ખાદ્ય સુરક્ષાના ક્ષેત્રમાં, ભારત તેની શાખમાં વિશ્વની સૌથી મોટી ખાદ્ય સુરક્ષા પહેલ સહિત પ્રભાવશાળી સિદ્ધિઓ ધરાવે છે. ભારત સરકાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAy) હેઠળ, રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ પૂરા પાડવામાં આવતા નિયમિત માસિક અનાજ સિવાય અને તે ઉપરાંત, દર મહિને વ્યક્તિ દીઠ ૫ કિલો અનાજ પૂરું પાડે છે. આ યોજનાએ કોરોના વાઇરસ રોગચાળા જેવી ખૂબ જ વિકટ સ્થિતિમાં ૮૦૦ મિલિયનથી વધુ ભારતીયોને ખાદ્ય સુરક્ષા પૂરી પાડી છે. IMFએ ભારતમાં આત્યંતિક ગરીબીના સ્તરમાં કોઈપણ વૃદ્ધિને રોકવા બદલ આ યોજનાની પ્રશંસા કરી છે અને એ બાબતે પ્રકાશ પાડ્યો હતો કે, ગરીબોને કોવિડના કારણે આવકમાં લાગેલા આંચકાને શોષવાની દૃષ્ટિએ ખાદ્ય અધિકારને બમણો કરવાથી તે નિર્ણયે નોંધપાત્ર કામ કર્યું છે.

વૈશ્વિક ખાદ્ય સુરક્ષાને વધારવા માટે આંતરરાષ્ટ્રીય પહોંચના સંદર્ભમાં, જી-૨૦ દેશોની સરખામણીમાં ભારત પાસે પુષ્કળ કૃષિ માનવશક્તિ છે, જેનો ઉપયોગ ખાદ્ય ઉત્પાદનમાં વધારો કરવા માટે કરી શકાય છે. ઉપરાંત, ભારતની કૃષિ પ્રતિભા વૈશ્વિક ખાદ્ય સુરક્ષાને વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. ભારતના કૃષિ કૌશલ્યએ દુનિયાના કેટલાક દેશોમાં ચીઝ અને જૈતુન જેવા પરંપરાગત કૃષિ ઉત્પાદનોને નવું જીવન આપવામાં મદદ કરી છે.

જેમ જેમ ડિજિટલ તકનિકો આગળ વધી રહી છે અને કૃષિ-તકનિક કંપનીઓ ઉભરી રહી છે તેમ, ભારત પાસે રૂઢિચુસ્ત અને ઓછી ખર્ચાળ કૃષિ તકનિકો જેમ કે ખેડાણ વગરની ખેતી, ચોકસાઇ ખેતી, કરાર આધારિત ખેતી, ટપક સિંચાઈ વગેરેને પ્રોત્સાહન આપવા માટે તેનું જ્ઞાન અને તકનિકી જાણકારીનું આદાનપ્રદાન કરવાની અને પોષણક્ષમ ભાવે ગુણવત્તાયુક્ત બીજ પ્રદાન કરવાની તક છે.

ભૂખમરા અને કુપોષણનો સામનો કરવા માટે કૃષિને પર્યાવરણીય રીતે વધુ ટકાઉક્ષમ બનાવવા માટે જી-૨૦ પ્રયાસોને વધારવા મહત્વપૂર્ણ રહેશે. આ સંદર્ભે, સકારાત્મક, પોષક પરિણામો સુનિશ્ચિત કરવા માટે વિવિધ કૃષિ તકનિકો અને પદ્ધતિઓ કે જે જંતુનાશકો, નિંદનાશકો અને દૂષણથી મુક્ત હોય તેને અનુકૂલિત કરવા માટે આંતરરાષ્ટ્રીય સહકારની જરૂર છે.

# વૈશ્વિક નાણાકીય શાસનનું લોકશાહીકરણ: ૨૧મી સદીની વાસ્તવિકતાઓમાં અનુકૂલન



બીજા વિશ્વયુદ્ધ પછી સર્જાયેલી વિશ્વ વ્યવસ્થા વધુને વધુ જૂની ઢબની બની છે અને ઝાંખી ગઈ છે. આના કારણે ઉભરતી કટોકટી સામે પ્રતિભાવ આપવાની વૈશ્વિક સંસ્થાઓની ક્ષમતા પર પ્રતિકૂળ અસર પડી છે. આ સંદર્ભમાં, વૈશ્વિક નાણાકીય શાસન સંસ્થાઓને વધુ લોકતાંત્રિક બનાવવી અને વૈશ્વિક વ્યવસ્થામાં ચાલી રહેલા ફેરફારોની પ્રતિનિધિ બનાવવી એ ભારતના જી-૨૦ના પ્રમુખપદ હેઠળ તેની મુખ્ય પ્રાથમિકતા છે. વિશ્વ બેંક અને IMF જેવી સંસ્થાઓ પશ્ચિમના ગઢ તરીકે યથાવત્ રહે છે અને સંબંધિત રહેવા માટે ઉભરતા અને વિકાસશીલ દેશોને વધુ પ્રતિનિધિત્વ અને વજન પ્રદાન કરવાની જરૂર છે. વિકાસ બેંકો સહિત બહુપક્ષીય સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય ધિરાણ સંસ્થાઓએ ઉભરતા અર્થતંત્રોના ઉદયને ધ્યાનમાં રાખીને તાકીદના ધોરણે સુધારા કરવાની જરૂર છે. આ પૃષ્ઠભૂમિમાં, વૈશ્વિક શાસન સંસ્થાઓના ઝડપી ગતિના સુધારાઓ ભારતના જી-૨૦ના પ્રમુખપદ માટે મુખ્ય પ્રાથમિકતાઓમાં રહેશે.

યુક્રેનની કટોકટીના પગલે આવશ્યક ચીજવસ્તુઓની કટોકટી અને વૈશ્વિક પુરવઠા શૃંખલાના પતનથી વૈશ્વિક શાસન સુધારણા વધુ તાકીદના ધોરણે કરવાની જરૂર પડી છે. બાલીમાં જી-૨૦ શિખર મંત્રણામાં વડાપ્રધાન મોદી પોતાના સંબોધનમાં આબેહૂબ રીતે કટોકટીની વ્યાપકતાને બહાર લાવ્યા હતા અને બહુપક્ષીય સંસ્થાઓમાં સુધારાની જરૂરિયાતને તેમણે રેખાંકિત કરી હતી. તેમણે કહ્યું હતું કે, "દરેક દેશના ગરીબ નાગરિકો માટે પડકાર વધુ ગંભીર છે. તેમનું રોજિંદું જીવન પહેલેથી જ સંઘર્ષમય હતું. બેવડા મારનો સામનો કરવાની તેમની નાણાકીય ક્ષમતા નથી. બેવડા મારના કારણે તેનો સામનો કરવા માટે તેમની પાસે નાણાકીય ક્ષમતાનો અભાવ છે". વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, "આપણે એ સ્વીકારવામાં અચકાવું જોઈએ નહીં કે યુએન જેવી બહુપક્ષીય સંસ્થાઓ આ મુદ્દાઓ પર અસફળ રહી છે. અને આપણે બધા તેમાં યોગ્ય સુધારા કરવામાં નિષ્ફળ રહ્યાં છીએ". ભારતની દૃષ્ટિએ, કોવિડ પછીની ઝડપથી બેઠાં થવા માટે બહેતર વૈશ્વિક શાસન સુનિશ્ચિત કરવા માટે બહુપક્ષીય સંસ્થાઓમાં સુધારા કરવા જરૂરી છે.

હાલમાં, IMF અને વિશ્વ બેંકના શાસન માળખામાં એક વિશિષ્ટ શાસન માળખું છે. બોર્ડ દ્વારા તેમનું નિયંત્રણ કરવામાં આવે છે જ્યાં તેમના સભ્ય દેશોના આર્થિક કદ પર મુજબ તેમની મતદાન શક્તિ હોય છે. આનાથી તદ્દન અસમપ્રમાણતા થઈ છે: અમેરિકી સરકાર ૧૬% મત હિસ્સો ધરાવે છે જ્યારે ૧૦૦ મિલિયનથી વધુ લોકોનું ગૃહસ્થાન એવો ઈથોપિયા દેશ IMFમાં માત્ર ૦.૦૯% મતને નિયંત્રિત કરે છે. વિશ્વ બેંકનું નેતૃત્વ હંમેશા યુએસ-અમેરિકન દ્વારા અને IMFનું નેતૃત્વ યુરોપીયન દ્વારા કરવામાં આવે છે. બંને સંસ્થાઓનું મુખ્ય મથક યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાની રાજધાનીમાં છે અને ઉચ્ચ આવક ધરાવતા દેશોના ઘણા અર્થશાસ્ત્રીઓને રોજગારી આપે છે. વિકસિત દેશોની તરફેણ કરતું આ શાસન માળખું તાકીદે બદલવાની જરૂર છે.

ભારત તેના કેન્દ્રમાં મજબૂત, ક્વોટા-આધારિત અને પર્યાપ્ત સંસાધન સંપન્ન IMF સાથે મજબૂત અને અસરકારક વૈશ્વિક નાણાકીય સલામતી જાળ ટકાવી રાખવા માટે પ્રતિબદ્ધ છે. ભારત ૧૫ ડિસેમ્બર, ૨૦૨૩ સુધીમાં માર્ગદર્શિકા તરીકે નવા ક્વોટાના સૂત્ર સહિત ક્વોટાની ૧૬મી સામાન્ય સમીક્ષા હેઠળ IMF શાસન સુધારાની પ્રક્રિયાને આગળ વધારવા માટે દબાણ કરવાનું ચાલુ રાખશે. જી-૨૦ દેશો ટકાઉક્ષમ મૂડી પ્રવાહોને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક ચલણ મૂડી બજારોનો વિકાસ કરવા સહિત આંતરરાષ્ટ્રીય નાણાકીય માળખાની લાંબા ગાળાની નાણાકીય સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા માટે કામ કરે તેવી અપેક્ષા છે.

વૈશ્વિક શાસનમાં સુધારો કરવા માટેનો ભારતનો અભિગમ સુધારેલા બહુપક્ષીયવાદની વિભાવના દ્વારા રચાયેલો છે, જે દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ ખાતે બ્રિક્સ શિખર મંત્રણા ૨૦૧૮માં નેતાઓના નિવર્તન (લીડર્સ રીટ્રીટ)માં વડાપ્રધાન મોદીએ સૌપ્રથમ વ્યક્ત કર્યો હતો. આ વિચાર સમકાલીન વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરતી ન હતી એવી બહુપક્ષીય સંસ્થાઓના સુધારાને આગળ વધારવાનો અને અન્ય મોટી ઉભરતી અર્થવ્યવસ્થાઓને શાસનમાં વધુ મહત્વ આપવાનો હતો. આ વિચાર સાથે સુમેળમાં, ભારત જી-૨૦ સહિત વિવિધ વૈશ્વિક મંચો પર વૈશ્વિક શાસન માળખા, આર્થિક અને રાજકીય સુધારાની સતત હિમાયત કરી રહ્યું છે. ઘણી રીતે, જી-૨૦ એ વિકસિત દેશો અને ઉભરતી અર્થવ્યવસ્થાઓનો સમાવેશ કરતું સૌથી વધુ પ્રતિનિધિત્વ કરતું બહુપક્ષીય જૂથ છે અને તેથી બહુપક્ષીય સંસ્થાઓ અને બેંકોના સુધારાને આગળ વધારવા માટે શ્રેષ્ઠ રીતે સજ્જ છે. ૨૦૨૫ સુધી જી-૨૦નું પ્રમુખપદ વિકાસશીલ દેશોના હાથમાં છે - ૨૦૨૨માં ઇન્ડોનેશિયા, ૨૦૨૩માં ભારત, ૨૦૨૪માં બ્રાઝિલ અને ૨૦૨૫માં દક્ષિણ આફ્રિકા – માટે આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓમાં નોંધપાત્ર ફેરફારો માટે સામૂહિક રીતે દબાણ કરવા અને તે હાંસલ કરવા માટે આ એક યોગ્ય ક્ષણ છે. ભારતના જી-20ના પ્રમુખપદ, આંતરરાષ્ટ્રીય શાસન સંસ્થાઓમાં ગ્લોબલ સાઉથ માટે વધુ અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવાની અનોખી તક છે.

આ સંદર્ભમાં, વૈશ્વિક નાણાકીય શાસનમાં હિંમતપૂર્ણ આવિષ્કારની તાત્કાલિક જરૂર છે. બ્રેટોન વુડ્સ સંસ્થાઓ હવે ૨૧મી સદીમાં ઉદ્દેશ્યને પૂર્ણ કરતી નથી અને નવી ભૌગોલિક-આર્થિક વાસ્તવિકતાઓનું પ્રતિનિધિત્વ કરતી નથી તે અંગે સર્વસંમતિ વધી રહી છે. બહુપક્ષીય નાણાકીય સંસ્થાઓની કાયદેસરતા વધારવી એ માત્ર દુનિયાના જ નહીં પરંતુ IMF અને વિશ્વ બેંકના મુખ્ય શેરધારકોના પણ હિતમાં છે.




# SDGને વેગ આપવો: વિશ્વને રહેવા માટે વધુ સારું સ્થાન બનાવવું

સંયુક્ત રાષ્ટ્ર સતત વિકાસની કાર્યસૂચિ ૨૦૩૦ની સિદ્ધિ માટે ઘડિયાળના કાંટાની ગતિ સાથે સમય પસાર થઈ રહ્યો છે, ત્યારે SDGને વેગ આપવો એ તાકીદની નોંધ છે. દુર્ભાગ્યવશ, કોવિડ-૧૯, યુક્રેન-રશિયા યુદ્ધ, અસમાન આર્થિક વૃદ્ધિ અને ઊંચા ફુગાવાના કારણે SDGની પ્રગતિ ધીમી પડી છે. બાલીમાં જી-૨૦ શિખર મંત્રણાના સંદર્ભમાં, સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે જી-૨૦ નેતાઓને SDGમાંથી "એક SOS"નો પ્રતિસાદ આપવા અને આબોહવા કટોકટીનો સામનો કરવા, દુષ્કાળ અને ભૂખમરાને રોકવા, ઊર્જા સંક્રમણને પ્રોત્સાહન આપવા અને ડિજિટલ પરિવર્તનને પ્રોત્સાહન આપવામાં ગ્લોબલ સાઉથની સરકારોને સમર્થન આપવા માટે આહ્વાન કર્યું હતું.

આ પૃષ્ઠભૂમિ સામે, ભારત તેના જી-૨૦ના પ્રમુખપદ દરમિયાન SDGમાં પ્રગતિને વેગ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. SDGમાં ગરીબી, ખોરાક અને પોષણ સુરક્ષા, આરોગ્ય, શિક્ષણ, મહિલા સશક્તિકરણ, રોજગાર અને આબોહવા પરિવર્તન જેવા આંતર-સંબંધિત મુદ્દાઓને સમાવી લીધેલા છે.

સતત વિકાસના માનક લક્ષ્યો (SDG) અથવા વૈશ્વિક લક્ષ્યોમાં "લોકો અને પૃથ્વી માટે, હમણાં અને ભવિષ્યમાં શાંતિ અને સમૃદ્ધિ માટે સહિયારી બ્લુપ્રિન્ટ" તરીકે રચાયેલ એકબીજા સાથે જોડાયેલા ૧૭ લક્ષ્યોનો સમાવેશ થાય છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UN-GA) દ્વારા ૨૦૧૫માં SDG નક્કી કરવામાં આવ્યા હતા અને ૨030ની કાર્યસૂચિ તરીકે ઓળખાતા UN-GA ઠરાવમાં સમાવાયા છે. ૧૭ SDG આ મુજબ છે: ગરીબી નાબૂદી, ભૂખમરો નહીં, સારું આરોગ્ય અને સુખાકારી, ગુણવત્તાપૂર્ણ શિક્ષણ, લૈંગિક સમાનતા, સ્વચ્છ પાણી અને સ્વચ્છતા, પરવડે તેવી અને સ્વચ્છ ઊર્જા, યોગ્ય કાર્ય અને આર્થિક વૃદ્ધિ, ઉદ્યોગ, આવિષ્કાર અને માળખાકીય સુવિધા, અસમાનતામાં ઘટાડો, ટકાઉક્ષમ શહેરો અને સમુદાયો, જવાબદારીપૂર્ણ વપરાશ અને ઉત્પાદન, આબોહવા સંબંધિત પગલાં, જળચર જીવસૃષ્ટિ, ભૂમિચર જીવસૃષ્ટિ, શાંતિ, ન્યાય, અને મજબૂત સંસ્થાઓ, લક્ષ્યો માટે ભાગીદારી.

SDG, ભારતના વિકાસની કાર્યસૂચિનો એક અભિન્ન ભાગ છે અને તે “વસુધૈવ કુટુંબકમ”ના સિદ્ધાંતમાં દર્શાવવામાં આવ્યું છે તે પ્રમાણે વિશ્વ એકબીજા સાથે જોડાયેલું હોવાનું માને છે, અને ભારતના જી-20ના પ્રમુખપદમાં આ જ સિદ્ધાંતને અનુસરવામાં આવ્યો છે. ભારતે સંયુક્ત રાષ્ટ્ર કાર્યસૂચિ ૨030ની રચનામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી અને દેશની મોટાભાગની રાષ્ટ્રીય વિકાસ કાર્યસૂચિ સતત વિકાસના માનક લક્ષ્યો (SDG)માં પ્રતિબિંબિત થાય છે. આ અર્થમાં, SDG પ્રાપ્ત કરવા માટે વિશ્વની પ્રગતિ મોટાભાગે ભારતની પ્રગતિ પર નિર્ભર છે.

ભારતના પ્રયાસોનો મુખ્ય ભાર ખાસ કરીને અલ્પ વિકસિત દેશો (LDC) અને લઘુ દ્વીપ વિકાસશીલ રાજ્યો (SIDS) માટે SDGના ધિરાણમાં વૃદ્ધિ કરવા અને વૈવિધ્યીકરણ પર રહેશે. આ સંદર્ભમાં, SDG નાણાં વધારવા માટે વિશ્વ બેંક, IMF અને WTO જેવી બહુપક્ષીય સંસ્થાઓનું પુનર્ગઠન કરવાની જરૂરિયાત પર વિકાસશીલ દેશો વચ્ચે સર્વસંમતિ વધી રહી છે. ભારત, SDG માટે સક્રિયપણે નાણાકીય પ્રવાહ વધારીને તેને વેગ આપવામાં ખાનગી ક્ષેત્ર માટેની મોટી ભૂમિકાની હિમાયત કરે છે. ભારત SDGની સિદ્ધિને સમર્થન આપવા માટે ખાનગી રોકાણને એકત્ર કરવા સહિત આવિષ્કારી ધિરાણ સ્રોતો અને સાધનો દ્વારા ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશો માટે વધુ રોકાણને પણ સમર્થન આપે છે.

ઝડપી ગતિના SDG અનિવાર્ય બની ગયા છે. વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના નવા કાર્યકારી પત્રમાં ઉલ્લેખ કર્યા મુજબ, ભારત જી-૨૦ દેશોમાં અલગ છે કારણ કે તેણે ૨૦૧૫-૨૦૧૯ દરમિયાન સૌથી ઝડપી વલણ વૃદ્ધિ નોંધાવી છે અને તે ઓછી-મધ્યમ આવક ધરાવતા દેશો કરતાં પણ વધુ ઝડપથી આગળ વધી રહ્યું છે.

આગળ જોઈએ તો, ભારત તેના જી-૨૦ના પ્રમુખપદ હેઠળ SDG માટે ધિરાણ વધારવા માટે પ્રગત અને ઉભરતી અર્થવ્યવસ્થાઓ સાથે મળીને કામ કરશે જેમાં સ્થાનિક કરવેરા આવકમાં વૃદ્ધિ, આંતરરાષ્ટ્રીય વિકાસ નાણાકીય સંસ્થાઓ (DFI) પાસેથી સાર્વભૌમ (સરકારી) ઋણમાં વૃદ્ધિ; અને ભારે ઋણ લેનારાઓ માટે દેવાના પુનર્ગઠનનો સમાવેશ થાય છે. ભારત, લાંબા ગાળાના વિકાસને સમર્થન આપવા અને તેને ટકાઉક્ષમ તેમજ સમાવિષ્ટ અને હરિયાળો વિકાસ બનાવવા માટે જાહેર રોકાણો અને માળખાકીય સુધારાને આગળ ધપાવવા, ખાનગી રોકાણોને પ્રોત્સાહન આપવા અને બહુપક્ષીય વેપાર તેમજ વૈશ્વિક પુરવઠા શૃંખલાઓની સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.

ભારત જી-૨૦ બેઠકોમાં દેશની કેટલીક સિદ્ધિઓ દર્શાવશે અને અન્ય દેશોમાં અનુભવો અને શ્રેષ્ઠ પ્રથાઓનું આદાનપ્રદાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. એક સહિયારા અને સમૃદ્ધ ગ્રહનું નિર્માણ કરવા અને તેને રહેવા માટે વધુ સારું સ્થાન બનાવવા માટે SDGને વેગ આપવો એ ભારતની દૂરંદેશીનો એક ભાગ છે.

# શબ્દાવલિ

**ACT-પ્રવેગક:** કોવિડ-૧૯ સાધનોની સુલભતા (ACT)ના પ્રવેગક એ વિકાસ, ઉત્પાદન અને કોવિડ-૧૯ પરીક્ષણો, સારવાર અને રસીઓની સમાન સુલભતાને વેગ આપવા માટે વૈશ્વિક સહયોગનું એક મહત્વપૂર્ણ માળખું છે.

**એડિસ અબાબા ક્રિયા કાર્યસૂચિ (AAAA):** AAAA ટકાઉક્ષમ વિકાસ માટે ૨030 કાર્યસૂચિના અમલીકરણને સમર્થન આપવા માટે એક મજબૂત પાયો સ્થાપિત કરે છે. તે આર્થિક, સામાજિક અને પર્યાવરણીય પ્રાથમિકતાઓ સાથે તમામ ધિરાણ પ્રવાહ અને નીતિઓને સંરેખિત કરીને ટકાઉક્ષમ વિકાસ માટે ધિરાણ માટે એક નવું વૈશ્વિક માળખું પણ પૂરું પાડે છે.

**કૃષિ બજાર માહિતી પ્રણાલી (AMIS):** કૃષિ બજાર માહિતી પ્રણાલી (AMIS) એ ખાદ્ય બજારની પારદર્શિતા વધારવા અને કટોકટીના સમયમાં આંતરરાષ્ટ્રીય નીતિ સંકલનને પ્રોત્સાહિત કરવા માટેનો આંતર-એજન્સી મંચ છે. જી-૨૦ના ફ્રાન્સના પ્રમુખપદ દરમિયાન તેની સ્થાપના કરવામાં આવી હતી. આ પહેલ હેઠળ ઘઉં, મકાઈ, ચોખા અને સોયાબીન જેવા પાકોને આવરી લેવામાં આવ્યા છે.

**કૃષિ-અન્ન વૈશ્વિક મૂલ્ય શૃંખલા:** તે અન્ન અને રેસાના ઉત્પાદકોને વિશ્વભરના ગ્રાહકો સાથે જોડે છે અને ગ્રાહકોને વધુ પસંદગી સાથે અન્નનો સ્થિર પુરવઠો પહોંચાડવામાં મદદ કરે છે તેમજ સાથે સાથે ઉત્પાદકો માટે આવક ઉભી કરે છે.

**એન્ટાર્કટિક સંધિ પ્રણાલી:** એન્ટાર્કટિક સંધિ પ્રણાલી એ એન્ટાર્કટિકના રાજ્યો વચ્ચેના સંબંધોને નિયંત્રિત કરવા માટે બનાવવામાં આવેલ જટિલ પ્રણાલીઓનો સમૂહ છે. એન્ટાર્કટિક સંધિ એવી પ્રણાલીના કેન્દ્રમાં છે જેના પર ૧ ડિસેમ્બર ૧૯૫૯ના રોજ વોશિંગ્ટન ડીસીમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને ૨૩ જૂન ૧૯૬૧ના રોજ તેનો અમલ કરવામાં આવ્યો હતો.

**અંતાલ્યા યુવા લક્ષ્ય:** અંતાલ્યા યુવા લક્ષ્ય એ ૨૦૧૫માં તુર્કીના અંતાલ્યામાં જી-૨૦ દેશો દ્વારા સંમતિ સાધવામાં આવેલા લક્ષ્યોનો સંદર્ભ આપે છે જેથી “તેમના દેશોમાં ૨૦૨૫ સુધીમાં એવા યુવાનોનો હિસ્સો ૧૫% જેટલો ઘટાડી શકાય કે જેમને શ્રમ બજારમાં કાયમ માટે પાછળ રહી જવાનું સૌથી વધુ જોખમ છે”.

**બેઝ ઇરોઝન એન્ડ પ્રોફિટ શિફ્ટિંગ (BEPS):** BEPS એ કર ચૂકવણીને ટાળવા માટે વિવિધ અર્થતંત્રો વચ્ચેના કરવેરાના નિયમો અને નિયમનોમાં અંતરાય અને અસમાનતાનો ઉપયોગ કરવા માટે બહુરાષ્ટ્રીય ઉદ્યોગો (MNE) દ્વારા અપનાવવામાં આવેલી કરવેરા આયોજન વ્યૂહરચનાનો સંદર્ભ આપે છે.

**વલયાકાર અર્થવ્યવસ્થા:** વલયાકાર અર્થવ્યવસ્થામાં એવા બજારોનો સમાવેશ થાય છે કે જે ઉત્પાદનોને કાઢી નાખવા અને નવા સંસાધનોનું શોષણ કરવાના બદલે તેના પુનઃઉપયોગને પ્રોત્સાહિત કરે છે. આ અર્થવ્યવસ્થામાં, કપડા, ભંગાર ધાતુ અને જૂના થઈ ગયેલા ઈલેક્ટ્રોનિક્સ જેવો તમામ પ્રકારનો કચરો અર્થવ્યવસ્થામાં પાછો આવે છે અથવા વધુ કાર્યક્ષમ રીતે તેને ઉપયોગમાં લેવાય છે.

**કોમ્પેક્ટ વિથ આફ્રિકા (CwA):** આફ્રિકામાં માળખાકીય સુવિધા ક્ષેત્રો સહિત ખાનગી રોકાણને પ્રોત્સાહન આપવા માટે જર્મનીના જી-૨૦ના પ્રમુખપદ હેઠળ CwAની શરૂઆત કરવામાં આવી હતી. CwAનો મુખ્ય ઉદ્દેશ્ય મેક્રો, વ્યવસાય અને નાણાકીય માળખામાં નોંધપાત્ર સુધારાઓ કરીને આફ્રિકન અર્થતંત્રોમાં ખાનગી રોકાણ માટેનું આકર્ષણ વધારવાનો છે.

**COVAX:** COVAX એ ACT-પ્રવેગકનો રસી આધારસ્તંભ છે. COVAXનો ઉદ્દેશ્ય કોવિડ-૧૯ રસીના વિકાસ અને ઉત્પાદનને વેગ આપવાનો અને વિશ્વના દરેક દેશ માટે ન્યાયી અને સમાન વપરાશની ખાતરી આપવાનો છે.

**આબોહવાલક્ષી નાણાં:** આબોહવાલક્ષી નાણાં એ આબોહવા પરિવર્તન ઘટાડવા અને અનુકૂલનના પગલાંઓને સમર્થન આપવા માંગતા હોય તેવા જાહેર, ખાનગી અને વૈકલ્પિક સ્રોતોમાંથી આવતું સ્થાનિક, રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય ભંડોળ છે. વિકાસશીલ દેશોને ઉત્સર્જનને અંકુશમાં લેવા અને આબોહવા પરિવર્તનને અનુરૂપ થવામાં મદદ કરવા માટે, વિકસિત દેશો આબોહવાલક્ષી નાણાં માટે વાર્ષિક US$૧૦૦ બિલિયન એકત્ર કરવા સંમત થયા છે.

**કોર્પોરેટ સુશાસન:** તે નીતિ નિર્માતાઓને આર્થિક કાર્યક્ષમતા, ટકાઉ વૃદ્ધિ અને નાણાકીય સ્થિરતાને સમર્થન આપવાના દૃષ્ટિકોણથી કોર્પોરેટ સુશાસન માટે કાનૂની, નિયમનકારી અને સંસ્થાકીય માળખાનું મૂલ્યાંકન કરવામાં અને તેને સુધારવામાં મદદ કરે છે.

**ભ્રષ્ટાચાર વિરોધી સારી પ્રથાઓનું સંકલન:** તે ભ્રષ્ટાચારના જોખમના સ્તર અને ભ્રષ્ટાચાર વિરોધી નીતિઓની અસરકારકતાના માપન પર ભ્રષ્ટાચાર સંબંધિત વધુ સારી ગુણવત્તાના ડેટા (માન્ય, વિશ્વસનીય, કાર્યવાહી કરવા યોગ્ય, વગેરે) મેળવવા માટે ભ્રષ્ટાચાર માપવામાં રાષ્ટ્રીય અનુભવો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**કાર્બન કેપ્ચર, યુટિલાઈઝેશન એન્ડ સ્ટોરેજ (CCUS):** CCUS એ તકનિકોના સમૂહનો ઉલ્લેખ કરે છે જે વૈશ્વિક ઊર્જા અને આબોહવા લક્ષ્યોને પૂર્ણ કરવામાં વિવિધ ભૂમિકા ભજવી શકે છે. તે અંગાર વાયુના ઉત્સર્જનને ઝડપી લેવાની અને કાં તો નિર્માણ સામગ્રી (ઉપયોગિતા) જેવી વસ્તુઓ બનાવવા માટે ઉપયોગમાં લેવાની અથવા તેને સપાટીથી હજારો ફૂટ નીચે કાયમી ધોરણે સંગ્રહિત (સંગ્રહ) કરવાની પ્રક્રિયા છે.

**કોમન રિપોર્ટિંગ સ્ટાન્ડર્ડ (CRS):** CRS એ ૨૦૧૪માં OECD દ્વારા કરચોરી સામે લડવા માટે ભાગીદાર દેશો વચ્ચે માહિતીના સ્વયંચાલિત વિનિમય માટે તૈયાર કરવામાં આવેલું ધોરણ છે. CRS માટે પ્રતિબદ્ધતા દર્શાવી હોય અને તેને પોતાના કાયદામાં સ્થાનાંતરિત કર્યું હોય તેવા દરેક દેશને તે લાગુ પડે છે.

**ડેટા અંતરાય પહેલ (DGI):** ડેટા અંતરાયોને ઓળખવા અને ડેટા સંગ્રહને મજબૂત કરવા માટે જી-૨૦ની વિનંતીના જવાબમાં ૨૦૦૯માં ડેટા અંતરાય પહેલ (DGI)ના બે તબક્કાઓ શરૂ કરવામાં આવ્યા હતા. ડેટા અંતરાય પહેલનો પ્રથમ તબક્કો (DGI-૧: ૨૦૦૯-૧૫) વૈચારિક માળખાના વિકાસ તેમજ કેટલાક આંકડાકીય સંગ્રહ અને જાણ કરવામાં વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. DGI-૨ (૨૦૧૫-૨૧)નો મુખ્ય ઉદ્દેશ્ય નીતિના ઉપયોગ માટે વિશ્વસનીય અને સમયસર આંકડાઓના નિયમિત સંગ્રહ અને પ્રસારનો અમલ કરવાનો હતો.

**ઋણ સેવા નિલંબન પહેલ (DSSI):** ૨૦૨૦માં જી-૨૦ દ્વારા શરૂ કરાયેલી DSSIએ વિશ્વના સૌથી ગરીબ દેશોને તેમની ઋણ સેવા ચૂકવણી મર્યાદિત સમયગાળા માટે સ્થગિત કરવા તેમજ રોગચાળા અને તેના પરિણામોનો સામનો કરવા માટે નાણાકીય અવકાશ પ્રદાન કરવાની રજૂઆત કરી હતી.

**આપત્તિ સ્થિતિસ્થાપકતા:** તે વ્યક્તિઓ, સમુદાયો, સંગઠનો અને રાજ્યોની વિકાસ માટેની લાંબા ગાળાની સંભાવનાઓ સાથે બાંધછોડ કર્યા વિના જોખમો, આંચકા અથવા તાણ સામે અનુકૂલન કરવા અને તેમાંથી ફરી ઠીક થવાની ક્ષમતા છે.

**આપત્તિ સ્થિતિસ્થાપક માળખાકીય સુવિધા:** તેમાં એવી મહત્વપૂર્ણ ઇમારતો, જાહેર સામુદાયિક સુવિધાઓ, પરિવહન વ્યવસ્થાઓ, દૂરસંચાર અને ઉર્જા પ્રણાલીનો સમાવેશ થાય છે કે જે વ્યૂહાત્મક રીતે પૂર, ભૂકંપ અથવા જંગલની આગ જેવી કુદરતી આપત્તિની અસરનો સામનો કરવા માટે રચાયેલ છે.

**સશક્તતા ગઠબંધન:** સશક્તતા એ ખાનગી ક્ષેત્રના નેતૃત્વ હેઠળનું ગઠબંધન છે જેનો ઉદ્દેશ્ય ખાનગી અને જાહેર ક્ષેત્રો વચ્ચેના ઉન્નત સહકાર દ્વારા તકો સુધી મહિલાઓની પહોંચમાં સુધારો કરવાનો છે. તે આર્થિક પ્રવૃત્તિઓમાં મહિલાઓની સહભાગીતામાં અડચણરૂપ થતા અવરોધોને દૂર કરવાનો પ્રયાસ કરે છે.

**નાણાકીય કાર્યવાહી કાર્યદળ (FATF):** FATF એક આંતર-સરકારી સંસ્થા છે જે વૈશ્વિક સ્તરે નાણાંની ગેરકાયદે હેરાફેરી અને આતંકવાદી ધિરાણ પર દેખરેખકર્તા તરીકે કામ કરે છે. તે નાણાંની ગેરકાયદે હેરાફેરી અને આતંકવાદી નાણાકીય પ્રવૃત્તિઓને રોકવાના ઉદ્દેશ્ય સાથે આંતરરાષ્ટ્રીય ધોરણો સ્થાપિત કરવા માટે કામ કરે છે.

**નાણાકીય સ્થિરતા બોર્ડ (FSB):** FSB એ વૈશ્વિક નાણાકીય વ્યવસ્થા પર દેખરેખ રાખવા અને ભલામણો કરવા માટેની એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. FSBના મુખ્ય ઉદ્દેશોમાંથી એક આંતરરાષ્ટ્રીય નાણાકીય સ્થિરતાને પ્રોત્સાહન આપવાનો છે.

**ખાદ્ય ગઠબંધન:** ખાદ્ય ગઠબંધન એ બહુ-હિતધારક મંચ છે. તેનો ઉદ્દેશ્ય કૃષિખાદ્ય પ્રણાલીના પરિવર્તનની દિશામાં પરિવર્તનની ગતિને ઝડપી બનાવવાનો અને જરૂરિયાતમંદ દેશો માટે જોડાણ અને સામૂહિક સમર્થન બનાવવાનો છે. તે વૈશ્વિક ખાદ્ય અને કૃષિ માટે વધતી જતી ખાદ્ય અસુરક્ષા, આબોહવા સંબંધિત આંચકાની તીવ્રતા અને અસ્થિરતાની વૈશ્વિક પ્રાથમિકતાઓને પ્રતિસાદ આપવા માટે પણ કામ કરે છે.

**કાર્યનું ભાવિ:** કાર્યનું ભાવિ આગામી દાયકામાં કામ કરવા માટે તકનિકી, પેઢીગત અને સામાજિક પરિવર્તનોથી પ્રભાવિત રીતમાં ફેરફારોનું વર્ણન કરે છે.

**જી-૨૦ આવિષ્કાર લીગ:** ૨૦૨૧માં ઇટાલીના જી-૨૦ના પ્રમુખપદ હેઠળ શરૂ કરવામાં આવેલી, જી-૨૦ આવિષ્કાર લીગ આવિષ્કાર અને તકનિકમાં આંતરરાષ્ટ્રીય રોકાણનો લાભ લેવાનો પ્રયાસ કરે છે અને વિશ્વના સૌથી વધુ દબાણયુક્ત પડકારોનો સામનો કરવા માટે જાહેર અને ખાનગી ક્ષેત્રો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપે છે.

**જી-૨૦ જળ મંચ:** સાઉદી અરેબિયા દ્વારા ૨૦૨૧માં શરૂ કરાયેલો અને અમલમાં મૂકવામાં આવેલો, જી-૨૦ જળ મંચ સમગ્ર વિશ્વમાં ટકાઉક્ષમ જળ વ્યવસ્થાપન પર અનુભવોનું આદાનપ્રદાન કરવા માટેનું એક ડિજિટલ સાધન છે.

**વૈશ્વિક માળખાકીય સુવિધા કેન્દ્ર (GI કેન્દ્ર):** જી-૨૦ દ્વારા ૨૦૧૪માં સ્થાપવામાં આવેલું GI કેન્દ્ર કામગીરીલક્ષી કાર્યક્રમો દ્વારા ટકાઉક્ષમ, સ્થિતિસ્થાપક અને સમાવિષ્ટ માળખાકીય સુવિધા પહોંચાડવાની કામગીરીને આગળ ધપાવવા માટેની બિન-લાભકારી સંસ્થા છે. તે જાહેર અને ખાનગી ક્ષેત્રો સાથે સહયોગ કરે છે અને જ્ઞાનના આદાનપ્રદાનના કેન્દ્ર તરીકે કામ કરે છે.

**નાણાકીય સમાવેશ માટે વૈશ્વિક ભાગીદારી (GPFI):** દક્ષિણ કોરિયાના સિઓલમાં ૧૦ ડિસેમ્બર ૨૦૧૦ના રોજ સત્તાવાર રીતે શરૂ કરાયેલ, GPFI એ જી-૨૦ અને જી-૨૦ સિવાયના દેશો તેમજ અન્ય હિસ્સેદારો માટે સમકક્ષ પાસેથી અભ્યાસ (પીઅર લર્નિંગ), જ્ઞાનના આદાનપ્રદાન, નીતિની હિમાયત અને સંકલન દ્વારા નાણાકીય સમાવેશના મુદ્દા પર કામ કરવા માટેનો એક સહિયારો મંચ છે.

**વૈશ્વિક સાર્વજનિક ચીજવસ્તુઓ (GPG):** GPG એ એવી વસ્તુઓ અથવા સેવાઓ છે જેના લાભોની અસર વિશ્વના તમામ નાગરિકો પર પડે છે. તે આપણા જીવનના વિવિધ પાસાઓને અસર કરે છે જેમાં - આપણા કુદરતી વાતાવરણ, ઇતિહાસ અને સંસ્કૃતિઓ અને તકનિકી પ્રગતિથી માંડીને મેટ્રિક પ્રણાલી જેવી આપણા રોજિંદા ઉપયોગની વ્યવસ્થાઓનો સમાવેશ થાય છે.

**વૈશ્વિક પોલાદ અધિક ક્ષમતા મંચ (GFSEC):** GFSEC એ અધિક ક્ષમતાના પડકાર અંગે ચર્ચા કરવા અને સામૂહિક ઉકેલો શોધવા અને પોલાદ ક્ષેત્રમાં બજારની કામગીરીને વધારવા માટેનો આંતરરાષ્ટ્રીય મંચ છે. ૨૦૧૬માં જી-૨૦ હાંગઝોઉ શિખર મંત્રણામાં જી-૨૦ નેતાઓ દ્વારા વૈશ્વિક મંચની રચના કરવામાં આવી હતી. વૈશ્વિક મંચ એ જી-૨૦ના તમામ સભ્યો તેમજ આર્થિક સહકાર અને વિકાસ સંસ્થા (OECD)ના હિત ધરાવતા સભ્યો માટેનો એક ખુલ્લો મંચ છે.

**વૈશ્વિક નાણાકીય સલામતી નેટ (GFSN):** GFSNને વ્યાપક રીતે સંભવિત આંચકા સામે વીમો અથવા કટોકટી નિવારણ માટે ભંડોળની જરૂર હોય તેવા દેશોને નાણાકીય સંસાધનો પૂરા પાડતા સંસ્થાકીય વ્યવસ્થાઓના સમૂહ તરીકે પરિભાષિત કરી શકાય. આ વ્યવસ્થાઓનો ઉદ્દેશ કટોકટીમાં પડેલા દેશને તેની સ્વ-ધિરાણ ક્ષમતા પુનઃસ્થાપિત કરવામાં મદદ કરવાનો અને તેની સ્થાનિક નીતિની નિષ્ફળતાઓને યોગ્ય શરત દ્વારા સુધારવાનો છે.

**હરિત નાણાં વ્યવસ્થા:** હરિત નાણાં વ્યવસ્થા મતલબ એવી નાણાકીય વ્યવસ્થાઓ જે પર્યાવરણીય રીતે ટકાઉક્ષમ હોય તેવી પરિયોજનાઓ અથવા આબોહવા પરિવર્તનના પાસાઓને અપનાવતી પરિયોજનાઓ માટે વિશિષ્ટ છે.

**હરિત પુનરુત્થાન:** હરિત પુનરુત્થાન એવી નીતિઓ અને ઉકેલો પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે લોકોને અને ગ્રહને આવનારા કેટલાય વર્ષો સુધી લાભદાયી થશે. તે, આર્થિક વૃદ્ધિ અને રોજગારીનું સર્જન કરવાની સાથે સાથે દેશોને વધુ સારી રીતે તેમનું નિર્માણ કરવામાં સક્ષમ બનાવશે.

**આંતર-એજન્સી આર્થિક અને નાણાકીય સાંખ્યિકી જૂથ (IAG):** ૨૦૦૮માં સ્થાપવામાં આવેલા IAGની મુખ્ય ભૂમિકા નાણાકીય ક્ષેત્રના સંદર્ભમાં આંકડા અને ડેટાના અંતરાયને લગતા મુદ્દાઓનું સંકલન અને નિરીક્ષણ કરવાની છે. IAGમાં આંતરરાષ્ટ્રીય સમાધાન બેંક (BIS), યુરોપિયન કેન્દ્રીય બેંક (ECB), યુરોસ્ટેટ, ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF), ઓર્ગેનાઇઝેશન ફોર ઇકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD), સંયુક્ત રાષ્ટ્રો (UN) અને વિશ્વ બેંકનો સમાવેશ થાય છે.

**આંતરરાષ્ટ્રીય ઉર્જા મંડળ (IEF):** IEF એ ૭૧ દેશોના ઊર્જા મંત્રીઓની બનેલી વિશ્વની અગ્રણી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. તેમાં ઊર્જા ઉત્પાદક અને વપરાશકર્તા દેશો અને ઊર્જા મુદ્દાઓ પર સંવાદ કરવા માટે એક મહત્વપૂર્ણ વૈશ્વિક મંચનો સમાવેશ થાય છે.

**ગેરકાનૂની, જાણ કર્યા વગર અને અનિયંત્રિત (IUU) માછીમારી:** તે એક વ્યાપક શબ્દ છે જે વિવિધ પ્રકારની માછીમારી પ્રવૃત્તિને આવરી લે છે. ગેરકાનૂની, જાણ કર્યા વગર અને અનિયંત્રિત માછીમારી પ્રવૃત્તિઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એમ બંને પ્રકારના માછીમારી નિયમોનું ઉલ્લંઘન કરે છે. IUU માછીમારી એ વૈશ્વિક સમસ્યા છે જે સમુદ્રી પારિસ્થિતિકી તંત્ર અને ટકાઉક્ષમ મત્સ્યઉદ્યોગને જોખમમાં મૂકે છે.

**આંતરરાષ્ટ્રીય મિથેન ઉત્સર્જન વેધશાળા (IMEO):** IMEO એ સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP) દ્વારા મિથેનના ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો કરવા માટે ડેટા આધારિત અને કામગીરીલક્ષી પહેલ છે.

**જૈવવિવિધતા અને પારિસ્થિતિકીય તંત્ર સેવાઓ પર આંતર સરકારી વિજ્ઞાન-નીતિ મંચ (IPBES):** IPBES એ જૈવવિવિધતા અને પારિસ્થિતિકીય તંત્ર સેવાઓ અને વૈશ્વિક સ્તરે તેમના આંતરસંબંધો પરના જ્ઞાનનું નિયમિત અને સમયસર મૂલ્યાંકન કરવાનો મંચ છે. જાપાનના જી-૨૦ના પ્રમુખપદ હેઠળ IPBESનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

**સહજ પરિવર્તન:** સહજ પરિવર્તન એટલે અર્થતંત્રને એવી રીતે હરિત કરવું કે જે સંબંધિત દરેક માટે શક્ય તેટલું ન્યાયી અને સમાવેશી હોય, યોગ્ય કામની તકો ઊભી કરે અને કોઈને પાછળ ન છોડે.

**નાણાં બજાર ભંડોળ:** નાણાં બજાર ભંડોળ એ એક પ્રકારનું મ્યુચ્યુઅલ ફંડ છે જે અત્યંત તરલ, ટૂંકા ગાળાના સાધનોમાં રોકાણ કરે છે. આ સાધનોમાં રોકડ, રોકડની સમકક્ષ પ્રતિભૂતી અને ઉચ્ચ ક્રેડિટ ક્રમાંક, ટૂંકા ગાળાની પરિપક્વતા સાથેની ડેબ્ટ-આધારિત પ્રતિભૂતીનો સમાવેશ થાય છે.

**બહુપક્ષીય વિકાસ બેંકો (MDB):** MDB એ વિકાસશીલ દેશોમાં આર્થિક અને સામાજિક વિકાસને પ્રોત્સાહન આપવા માટેની આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ છે. વિશ્વ બેંક, એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB), યુરોપિયન પુનર્નિમાણ અને વિકાસ બેંક (EBRD), આંતર-અમેરિકી વિકાસ બેંક (IADB) અને આફ્રિકન વિકાસ બેંક (AfDB) સૌથી મહત્વપૂર્ણ MDB તરીકે ગણાય છે.

**બિન-બેંક નાણાકીય સંસ્થા (NBFI):** NBFI એવી નાણાકીય સંસ્થા હોય છે જેઓ સંપૂર્ણ બેંકિંગ પરવાનો નથી ધરાવતી અને લોકો પાસેથી થાપણો સ્વીકારી શકતી નથી. જો કે, NBFI રોકાણ (સામૂહિક અને વ્યક્તિગત બંને), રિસ્ક પૂલિંગ, નાણાકીય સલાહસૂચન, દલાલી, નાણાં સ્થાનાંતરણ અને ચેક કેશિંગ જેવી વૈકલ્પિક નાણાકીય સેવાઓની સુવિધા આપે છે.

**OECD લાંચ વિરોધી સંમેલન:** OECD લાંચ વિરોધી સંમેલન, જેને આંતરરાષ્ટ્રીય વ્યાપાર વ્યવહારમાં વિદેશી જાહેર અધિકારીઓની લાંચ નિવારક સંમેલન તરીકે પણ ઓળખવામાં આવે છે, તે કાયદેસર રીતે બંધનકર્તા આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી સાધન છે જે લાંચના વ્યવહારની "પુરવઠા બાજુ" (એવી વ્યક્તિ અથવા સંસ્થા કે જે લાંચની આપવાનો પ્રસ્તાવ મૂકે છે, વચન આપે છે અથવા લાંચ આપે છે) પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સંમેલનના પક્ષકારોના કાયદા હેઠળ લાંચને ફોજદારી ગુના તરીકે ગણવામાં આવે છે.

**એક આરોગ્ય:** 'એક આરોગ્ય' એ લોકો, પ્રાણીઓ અને પર્યાવરણના આરોગ્યને સંતુલિત કરવા અને શ્રેષ્ઠતમ કરવા માટેનો સંકલિત, એકીકૃત અભિગમ છે. તે ખાસ કરીને કોવિડ-૧૯ રોગચાળા જેવી વૈશ્વિક આરોગ્ય સમસ્યાઓને અટકાવવા, તેનું પૂર્વાનુમાન કરવા, શોધવા અને તેની સામે પ્રતિસાદ આપવા માટે મહત્વપૂર્ણ છે.

**ઓસાકા બ્લુ ઓશન વિઝન:** ૨૦૧૯માં જાપાનના જી-૨૦ના પ્રમુખપદ હેઠળ અપનાવવામાં આવેલું ઓસાકા બ્લુ ઓશન વિઝન જી-૨૦ દેશો દ્વારા "વ્યાપક જીવન-ચક્રના અભિગમથી ૨૦૫૦ સુધીમાં દરિયાઈ પ્લાસ્ટિકના કચરા દ્વારા વધારાના પ્રદૂષણને શૂન્ય સુધી ઘટાડવા" માટેની સ્વૈચ્છિક પ્રતિબદ્ધતા છે.

**પેરિસ કરાર:** પેરિસ કરાર એ આબોહવા પરિવર્તન પર કાયદેસર રીતે બંધનકર્તા આંતરરાષ્ટ્રીય સંધિ છે. ૧૨ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ આ કરાર અપનાવવામાં આવ્યો હતો અને ૪ નવેમ્બર ૨૦૧૬ના રોજ અમલમાં આવ્યો હતો. આ કરારનો ઉદ્દેશ્ય ગ્લોબલ વોર્મિંગને પૂર્વ-ઔદ્યોગિક સ્તરની તુલનામાં ૧.૫ ડિગ્રી સેલ્સિયસને બદલે ૨ ડિગ્રી સેલ્સિયસથી નીચે સુધી સિમિત કરવાનો છે.

**પેરિસ ક્લબ:** પેરિસ ક્લબ એ સત્તાવાર ધિરાણકર્તા દેશોનું મુખ્ય આંતર-સરકારી જૂથ છે. અનૌપચારિક પ્રકૃતિનું આ જૂથ દેવાદાર દેશોને ચુકવણી સંબંધિત જે સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય તેનો વ્યવહારુ ઉકેલો શોધવાનો પ્રયત્ન કરે છે.

**ગરીબી નિવારણ અને વૃદ્ધિ ટ્રસ્ટ (PRGT):** PRGT દ્વારા, IMF વૃદ્ધિને પ્રોત્સાહન અને ગરીબીમાં ઘટાડા પર ધ્યાન કેન્દ્રિત કરીને ઓછી આવક ધરાવતા દેશોને રાહતદાયક નાણાકીય સહાય પૂરી પાડે છે.

**આફ્રિકામાં માળખાકીય સુવિધા વિકાસ કાર્યક્રમ (PIDA):** PIDAનો એકંદર ધ્યેય સંકલિત પ્રાદેશિક અને ખંડીય માળખાકીય સુવિધા નેટવર્ક અને સેવાઓની સુધારેલી સુલભતા દ્વારા આફ્રિકામાં સામાજિક-આર્થિક વિકાસ અને ગરીબી ઘટાડાને પ્રોત્સાહન આપવાનો છે. આફ્રિકામાં ખાનગી રોકાણને પ્રોત્સાહન આપવા માટે જર્મનીના જી-૨૦ના પ્રમુખપદ હેઠળ PIDAની શરૂઆત કરવામાં આવી હતી.

**પ્રાદેશિક નાણાકીય વ્યવસ્થાઓ (RFA):** RFAએ એવું વ્યવસ્થાતંત્ર અથવા કરારો છે જેના દ્વારા દેશોના જૂથો એવા દેશોને પરસ્પર નાણાકીય સહાયનું વચન આપે છે જેઓ પોતાના પ્રદેશોમાં નાણાકીય મુશ્કેલીઓ અનુભવી રહ્યા હોય.

**સ્થિતિસ્થાપકતા અને ટકાઉપણું ટ્રસ્ટ (RST):** IMFનું RST એ ઓછી આવક ધરાવતા અને નબળા મધ્યમ આવક ધરાવતા દેશોને બાહ્ય આંચકાઓ સામે સ્થિતિસ્થાપકતા વધારવા અને ટકાઉક્ષમ વૃદ્ધિ સુનિશ્ચિત કરવા તેમજ તેમની લાંબા ગાળાની ચુકવણીની સ્થિરતામાં યોગદાન આપવા માટે રચાયેલું છે.

**વિશેષ ઉપાડ અધિકારો (SDR):** SDR એ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) દ્વારા બનાવેલી આંતરરાષ્ટ્રીય અનામત સંપત્તિ છે જેની રચના તેના સભ્ય દેશોના સત્તાવાર અનામતને પૂરક બનાવવા માટે કરવામાં આવી છે. SDRનું મૂલ્ય વિશ્વના પાંચ મુખ્ય ચલણ - યુએસ ડૉલર, યુરો, યુઆન, યેન અને યુકે પાઉન્ડના સમૂહ પર આધારિત છે.

**સતત વિકાસના માનક લક્ષ્યો (SDG):** સંયુક્ત રાષ્ટ્રો દ્વારા ૨૦૧૫માં અપનાવવામાં આવેલ SDGને વૈશ્વિક લક્ષ્યો તરીકે પણ ઓળખવામાં આવે છે. તે ગરીબી નાબૂદ કરવા, ગ્રહનું રક્ષણ કરવા અને ૨૦૩૦ સુધીમાં બધા લોકો શાંતિ અને સમૃદ્ધિ ધરાવતા હોય તેની ખાતરી કરવા માટે સાર્વત્રિક કાર્યવાહી આહ્વાન છે. ૧૭ SDG નિર્ધારિત કરવામાં આવ્યા છે જે એકીકૃત છે અને કોઈ એક ક્ષેત્રની એવી ક્રિયાને ઓળખે છે જે અન્ય ક્ષેત્રોમાં પરિણામોને અસર કરતી હોય.

**ટકાઉક્ષમ નાણાં વ્યવસ્થા:** ટકાઉક્ષમ નાણાં વ્યવસ્થા એ એવી પ્રક્રિયા છે જે રોકાણના નિર્ણયો લેતી વખતે પર્યાવરણીય, સામાજિક અને શાસન (ESG) વિચારણાઓને ધ્યાનમાં લે છે. તે ટકાઉક્ષમ આર્થિક પ્રવૃત્તિઓ અને પરિયોજનાઓમાં વધુ લાંબા ગાળાના રોકાણ તરફ દોરી જાય છે.

**ખાદ્ય નુકશાન અને બગાડના માપન અને ઘટાડાનો તકનિકી મંચ (TPLFW):** ૨૦૧૫માં તુર્કીના જી-૨૦ના પ્રમુખપદ દરમિયાન તેનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ મંચ માપન, ઘટાડા, નીતિઓ, ગઠબંધનો, પગલાંઓ અને સફળ મોડલના ઉદાહરણોને લગતી માહિતીની સુલભતા માટેના પ્રવેશદ્વાર તરીકે અસરકારક રીતે સેવા આપે છે જેમાં વૈશ્વિક સ્તરે ખાદ્ય નુકસાન અને બગાડ ઘટાડવા માટે અન્ય સંબંધિત મંચના જોડાણ સાથે અમલમાં મૂકેલી આવિષ્કારી તકનિકો અને અભિગમો સામેલ છે.

**કુલ નુકસાન અવશોષણ ક્ષમતા (TLAC):** કુલ નુકસાન અવશોષણ ક્ષમતા વૈશ્વિક પ્રણાલીગત રીતે મહત્વપૂર્ણ બેંકો (G-Sib) રોકાણકારોના નુકસાનને આગળ લઈ જવા અને સરકારી ખેરાત (બેલઆઉટ)ના જોખમને ઘટાડવા માટે પર્યાપ્ત ઇક્વિટી અને જામીન ઋણ (બેઇલ-ઇન ડેબ્ટ) ધરાવે છે તેની ખાતરી કરવા માટેનું આંતરરાષ્ટ્રીય ધોરણ છે.

**UNCLOS:** સમુદ્રી કાયદા પર સંયુક્ત રાષ્ટ્ર સંમેલન (UNCLOS) ૧૯૮૨માં અપનાવવામાં આવ્યું હતું. આ સંમેલન વિશ્વના મહાસાગરો અને સમુદ્રોમાં કાયદો અને વ્યવસ્થાની એક વ્યાપક વ્યવસ્થા મૂકે છે જે મહાસાગરોના તમામ ઉપયોગો અને તેમના સંસાધનોને સંચાલિત કરતા નિયમો સ્થાપિત કરે છે. તે સમુદ્રના કાયદાના ચોક્કસ વિસ્તારોના વધુ વિકાસ માટે એક માળખું પણ પૂરું પાડે છે.

**યુએન-આવાસ:** સંયુક્ત રાષ્ટ્ર માનવ વસાહત કાર્યક્રમ (યુએન-આવાસ)નો ઉદ્દેશ્ય સમગ્ર દુનિયામાં સામાજિક અને પર્યાવરણીય રીતે ટકાઉક્ષમ નગરો અને શહેરોને પ્રોત્સાહન આપવાનો છે. યુએન વ્યવસ્થામાં શહેરીકરણ અને માનવ વસાહતને લગતા તમામ મુદ્દાઓનું કેન્દ્ર બિંદુ યુએન-આવાસ છે.

**સાર્વત્રિક આરોગ્ય આવરણ:** સાર્વત્રિક આરોગ્ય આવરણ મતલબ તમામ લોકોને આર્થિક મુશ્કેલીઓનો સામનો કર્યા વિના, તેમને જ્યારે અને જ્યાં જરૂર હોય તે આરોગ્ય સેવાઓની સુલભતા. તે આરોગ્ય પ્રોત્સાહનથી લઈને નિવારણ, સારવાર, પુનર્વસન અને ઉપશામક સંભાળ સુધીની આવશ્યક આરોગ્ય સેવાઓની સંપૂર્ણ શ્રેણીને આવરી લે છે.

**UNSC ઠરાવ ૨૩૪૭:** UNSC ઠરાવ ૨૩૪૭ મુખ્યત્વે આતંકવાદ સામેની લડાઈ અને સાંસ્કૃતિક સંપત્તિનો નાશ કરવા અને લૂંટવા માટે આતંકવાદી જૂથો દ્વારા ઇરાદાપૂર્વક કરવામાં આવતા પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે સશસ્ત્ર સંઘર્ષના વ્યાપક સંદર્ભમાં સાંસ્કૃતિક વારસાનું રક્ષણ કરવા માટે વૈશ્વિક સમુદાયના સામાન્ય હિત અને જવાબદારી પર પણ ધ્યાન આપે છે.

**મહિલા ઉદ્યમી નાણાકીય પહેલ (We-Fi):** ઓક્ટોબર ૨૦૧૭માં We-Fi નો પ્રારંભ કરવામાં આવ્યો છે જેનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલા ઉદ્યમીઓને નાણાકીય ઉત્પાદનો અને સેવાઓ, ક્ષમતા નિર્માણ, નેટવર્ક વિસ્તરણ, માર્ગદર્શકતા અને સ્થાનિક તેમજ વૈશ્વિક બજારો સાથે જોડાણની તકો સુધીની તેમની પહોંચમાં વધારો કરીને સહકાર આપવાનો છે.

# જી20 વ્યાપક આર્થિક સૂચકાંકો

| સૂચક | જી20 (US$ ટ્રિલિયન) | | વિશ્વમાં શેર (%) | | વૃદ્ધિ (%) (2010-2021) |
|---|---|---|---|---|---|
| | 2010 | 2021 | 2010 | 2021 | |
| **આઉટપુટ/પ્રવૃત્તિ** | | | | | |
| જીડીપી | 55.7 | 70.1* | 85.9 | 85.6 | 2.3# |
| મૂલ્યવર્ધિત, કૃષિ | 1.9 | 2.6* | 70.2 | 71.0 | 3.1# |
| મૂલ્યવર્ધિત, ઉદ્યોગ | 14.3 | 18.5* | 82.9 | 83.6 | 2.6# |
| મૂલ્યવર્ધિત, સેવાઓ | 36.3 | 45.9* | 86.9 | 86.5 | 2.4# |
| વસ્તી | 4.5 | 4.9 | 64.9 | 62.1 | 0.7 |
| **વેપાર** | | | | | |
| વેપારી માલ નિકાસ | 11.7 | 17.1 | 76.4 | 76.4 | 3.5 |
| વેપારી માલ આયાત | 14.5 | 17.4 | 78.4 | 76.9 | 1.7 |
| કુલ વેપારી માલ વેપાર | 26.1 | 34.4 | 77.5 | 76.7 | 2.5 |
| સેવાઓની નિકાસ | 3.2 | 4.9 | 79.6 | 80.7 | 4.0 |
| સેવાઓની આયાત | 3.0 | 4.4 | 77.2 | 78.0 | 3.5 |
| સેવાઓનો કુલ વેપાર | 6.2 | 9.3 | 78.4 | 79.4 | 3.8 |
| **રોકાણ** | | | | | |
| ઇનવર્ડ FDI | 1.0 | 1.1 | 72.7 | 69.8 | 0.8 |
| આઉટવર્ડ FDI | 1.1 | 1.5 | 77.0 | 87.6 | 3.1 |
| **ડિજિટલ ઇકોનોમી** | | | | | |
| ડિજિટલી-ડિલિવરેબલની નિકાસ સેવાઓ | 1.6 | 3.2 | 85.6 | 84.1 | 6.5 |
| ICT સેવાઓની નિકાસ | 0.3 | 0.7 | 85.2 | 85.1 | 9.9 |

**Sources:** *IMF-DOTS, IMF-IFS, UNCTAD, OECD*
**નોંધ:** *વૃદ્ધિ માટે, 2010-2021 સમયગાળા માટે ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર (CAGR) ની ગણતરી કરવામાં આવી છે.*
** આંકડા વર્ષ 2020ના છે # CAGR વર્ષ 2010-2020 માટે ગણવામાં આવે છે*

# જી20 કાર્યકારી જૂથો
## (ભારતીય પ્રમુખપદ)

### શેરપા ટ્રેક

- ખેતી
- ભ્રષ્ટાચાર વિરોધી
- સંસ્કૃતિ
- ડિજિટલ ઈકોનોમી
- આપત્તિ જોખમ સ્થિતિસ્થાપકતા અને ઘટાડો
- વિકાસ
- શિક્ષણ
- રોજગાર
- પર્યાવરણ અને આબોહવા ટકાઉપણું
- એનર્જી ટ્રાન્ઝિશન
- આરોગ્ય
- વેપાર અને રોકાણ
- પ્રવાસન

### નાણાકીય ટ્રેક

- ફ્રેમવર્ક વર્કિંગ ગ્રુપ (FWG)
- ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ આર્કિટેક્ચર (IFA)
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્કિંગ ગ્રુપ (IWG)
- સસ્ટેનેબલ ફાઇનાન્સ વર્કિંગ ગ્રુપ (SFWG)
- નાણાકીય સમાવેશ માટે વૈશ્વિક ભાગીદારી (GPFI)
- જોઈન્ટ ફાઇનાન્સ અને હેલ્થ ટાસ્ક ફોર્સ
- આંતરરાષ્ટ્રીય કરવેરા કાર્યસૂચિ
- નાણાકીય ક્ષેત્રના મુદ્દાઓ

# જી20 સંગોષ્ઠિ જૂથો
## (ભારતીય પ્રમુખપદ)

- બિઝનેસ20 (B20)
- સિવિલ20 (C20)
- લેબર20 (L20)
- સંસદ20 (P20)
- વિજ્ઞાન20 (S20)
- સર્વોચ્ચ ઓડિટ સંસ્થાઓ20 (SAI20)
- સ્ટાર્ટઅપ20 (S20)
- થિન્ક20  (T20)
- અર્બન20 (U20)
- મહિલા20 (W20)
- યુથ20 (Y20)

# જી20 ના કાયમી આમંત્રિતો

### દેશ

- સ્પેન

### આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ

- સંયુક્ત રાષ્ટ્ર (યુએન)
- ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)
- વિશ્વ બેંક (WB)
- વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)
- વિશ્વ વેપાર સંગઠન (WTO)
- આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO)
- નાણાકીય સ્થિરતા બોર્ડ (FSB)
- ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD)
- આફ્રિકન યુનિયન (AU)
- આફ્રિકન યુનિયન ડેવલપમેન્ટ એજન્સી
- (AUDA-NEPAD)
- દક્ષિણપૂર્વ એશિયાઈ રાષ્ટ્રોનું સંગઠન (આસિયાન)

# મહેમાનો દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ

## (જી20 ઈન્ડિયા પ્રમુખપદ 2023)

### દેશ

- બાંગ્લાદેશ
- ઇજિપ્ત
- મોરેશિયસ
- નેધરલેન્ડ
- નાઇજીરીયા
- ઓમાન
- સિંગાપોર
- યુનાઇટેડ આરબ અમીરાત

### આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ

- ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA)
- આપત્તિ સ્થિતિસ્થાપકતા માટે ગઠબંધનઈન્ફ્રાસ્ટ્રક્ચર (CDRI)
- એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)

# જી20 સભ્ય દેશો



ઓસ્ટ્રેલિયા



આર્જેન્ટિના



બ્રાઝીલ




કેનેડા



ચીન



યુરોપીઅન યુનિયન




ફ્રાન્સ



જર્મની



ભારત



ઈંડોનેશિયા



ઇટાલી



જાપાન



મેક્સિકો



રશિયા



દક્ષિણ આફ્રિકા



સાઉદી અરેબિયા



દક્ષિણ કોરિયા



તુર્કી



અમેરિકા



ઇંગ્લેન્ડ


भारत 2023 INDIA

## ભારતનું જી-૨૦નું પ્રમુખપદ: સોશિયલ મીડિયા કવરેજ

**https://www.g20.org**

https://twitter.com/g20org

https://www.facebook.com/g20org

https://www.instagram.com/g20org/?hl=en

https://www.youtube.com/channel/UCspVYmJSYUek633_enhLo3w

આ દસ્તાવેજ અને ભૂતકાળના જી-૨૦ અને ટી-૨૦ સંચારને સુલભ કરવા માટે ક્લિક કરો: **https://bit.ly/3UiAa9s**

QR કોડ સ્કૅન કરો

તસવીર સૌજન્ય: pixabay.com